**સુવિચાર**

તમે શું હતા એમાં દુનિયાને રસ નથી.
આજ શું છો તેનું મૂલ્યાંકન લોકો સ્વાર્થ અને તમારી ઉપયોગિતાની દ્રષ્ટિએ કરે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૫/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ વૈશાખ વદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૧૩૦


## જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતની મુખ્યમંત્રી સમક્ષ માંગ

# ખેડૂતો પ્રત્યે દયાભાવ રાખી કપાસનો ભાવ પ્રતિ મણ ૨ હજાર કરો

ખેડૂતો લોહી-પાણી એક કરીને તેમનાં પરિવારનાં ઉજ્જવળ ભવિષ્ય માટે કપાસ તૈયાર કરે અને કોઈ નફો મળે નહી તે યોગ્ય નથી

ખેડૂતોને પ્રતિ મણ કપાસનો ભાવ માત્ર રૂપિયા ૧૫૦૦થી ૧૬૦૦ મળતો હોય કોઈ નફો મળતો નથી

ખેડૂતોની આવક બમણી કરવાનાં પ્રયાસનાં ભાગરૂપે પ્રતિ મણ ૨ હજાર મળે તો જ ખેડૂત સુખી થશે

ભાજપનાં અગ્રણીએ હિંમતભેર મુખ્યમંત્રી સમક્ષ સાચી હકીકત રજૂ કરીને જન પ્રતિનિધિનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડ્યું




અમરેલી, તા. ૧૬
દેશનાં પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું વચન આપેલ અને તે સમય પૂર્ણ થયાને એક વર્ષ પૂર્ણ થયું છતાં ખેડૂતોની આવક બમણી તો ન થઈ પરંતુ આવકમાં ઘટાડો થયો હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે. ખેડૂત પુત્રનાં નામે ધારાસભ્ય કે સાંસદ બનેલ સત્તાધારી પક્ષનાં કોઈ આગેવાન તેમની સરકારને સાચી હકીકતો રજૂ કરી શકતા નથી. તેવા સમયે જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતે હિંમતભેર મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કપાસનો ભાવ પ્રતિ મણ રૂપિયા ૨ હજાર આપવા માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ભારત કૃષિપ્રધાન દેશ હોય મોટા ભાગની વસ્તી ખેતી સાથે જોડાયેલ હોય અને પોતાના પરિવારનું ગુજરાન ખેતી કરીને ચાલવતા હોય છે અને પોતાના બાળકોનો અભ્યાસ અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે આવકનો


અનુસંધાન પાના ૬ ઉપર


### સાવરકુંડલા નજીક આવેલ

## પીઠવડી ગામે ગોરડકા ગામનાં પ્રૌઢે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા મોત

**ગત તા. ૧૨નાં રોજ ઘરેથી જતાં રહ્યાં હતા**

અમરેલી, તા. ૧૬
સાવરકુંડલા તાલુકાનાં ગોરડકા ગામે રહેતા જશુભાઈ બાબુભાઈ બલદાણીયા નામનાં ૪૫ વર્ષિય પ્રૌઢ ગત તા. ૧૨ નાં રોજ ઘરેથી જતાં રહેલ હોય અને તેમણે પોતાની મેળે કોઈ અગમ્ય કાણોસર સાવરકુંડલા તાલુકાનાં પીઠવડી ગામે ઝેરી દવા પી લેતા તેમનું મોત નિપજયાનું સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જુગારીઓ ટેક્નોલોજીનાં આધારે સટ્ટો રમી રહ્યાં છે

## અમરેલી : લાઠી બાયપાસ રોડ ઉપર ૩ શખ્સો ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતાં ઝડપાયા

**રૂા. ૩૦ હજારનાં મોબાઈલ તથા રૂા. ૫૦ હજારની બેલેન્સવાળી આઈડી ઉપર રમાતો હતો સટ્ટો**

અમરેલી, તા. ૧૬
અમરેલીમાં રહેતા ટીપુ સુલતાન તોફીકભાઈ ગીગાણી, સાહિલભાઈ રફીકભાઈ ડબાવાલા તથા સાજીદભાઈ ઓસમાણભાઈ


અનુસંધાન પાના ૬ ઉપર


### રાજુલા નજીક આવેલ

## ખાખબાઈ ગામે વૃધ્ધાને માર મારી ૭૦ હજારનાં દાગીના લૂંટી આરોપી ફરાર

**બાજુનાં મકાનમાંથી પણ લૂંટારૂઓ દ્વારા ચોરી કરાઈ**




અમરેલી, તા. ૧૬
રાજુલા તાલુકાનાં ખાખબાઈ ગામે રહેતા જડીબેન સાર્દુળ ભાઈ હડીયા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધ તા. ૧૫ નાં રોજ વ્હેલી સવારે પોતાના ઘરમાં સુતા હતા. ત્યારે લગભગ સવારે ૩ વાગ્યાનાં સમયે બે અજાણ્યા ઈસમોએ ઘરમાં પ્રવેશ કરી અને વૃધ્ધાને મોઢાના ભાગે ઢીકો મારી મુંઢ ઈજા કરી અને મોં દબાવી રાખી વૃધ્ધાએ કાનમાં પહેરેલ સોનાનાં વાઢલા નંગ-૬ વજન આશરે ૩૦ ગ્રામ કિંમત રૂા. ૪૫૦૦૦ તથા કાનમાં પહેરવાની સોનાની ટોટી નંગ-૧ વજન આશરે ૧૫ ગ્રામ કિંમત રૂા. ૨૫ હજાર મળી કુલ રૂા. ૭૦ હજારનાં દાગીનાની


અનુસંધાન પાના ૬ ઉપર


### જિલ્લામાં આડેધડ દોડતાં વાહનો સામે કાર્યવાહીનાં અભાવથી અકસ્માત વધ્યાં

# ધારીનાં વીરપુર તથા ઈંગોરાળા ગામ નજીકથી મુસાફરો ભરેલ બોલેરો-જીપ પલ્ટી જતાં દોડધામ

**મુસાફરોની ચિચિયારીથી માર્ગ ગુંજી ઉઠયો : ઈજાગ્રસ્તોની સારવાર શરૂ**



અમરેલી, તા. ૧૬
ધારી તાલુકાના વીરપુર તથા ઈંગોરાળા ગામ નજીક ૧૩ થી ૧૫ જેટલા મુસાફરો ભરેલ એક બોલેરો ગાડી પલ્ટી મારી જતાં મુસાફરોની ચિચિયારીથી રોડ ગુંજી ઉઠયો હતો. આ બનાવમાં ઘવાયેલ મુસાફરોને ધારી અને અમરેલી દવાખાને ખસેડાયા છે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ હીરાવા ગામે એક સગાઈના પ્રસંગે ગયા હતા અને ત્યાંથી પરત આકોડા ગામે એક બોલેરોમાં જઈ રહ્યા હતા. તે દરમિયાન ધારી-ખાંભા રોડ પર આવેલ વીરપુર અને ઈંગોરાળા ગામ પાસે અચાનક બોલેરો ગાડી પલ્ટી મારી ગઈ હતી અને તેમાં પુરૂષો, મહિલાઓ અને નાના બાળકો સહિતનાં મુસાફરોને ઈજા થતા તેમને સારવાર માટે ઈમરજન્સી કેસ ૧૦૮માં કોલ આવતાં ૧૦૮ સેન્ટર દ્વારા નજીકની ત્રણ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સને આ કેસ માટે જાણ કરવામાં આવી અને આ કેસની જાણ થતાની સાથે જ ખાંભા ૧૦૮ના ઈ.એમ.ટી. નરેશ લડુમોર અને પાયલોટ ભરત મકવાણા અને સાવરકુંડલા ૧૦૮ના ઈ.એમ.ટી. પ્રકાશ ધાંધલા તેમજ ઈ.એમ.ટી. દીપક રાઠોડ અને પાયલોટ ફિરોઝ બેલીમ તેમજ હિતેશ મકવાણા એમ


અનુસંધાન પાના ૬ ઉપર





### ધારી નજીક આવેલ

## પ્રેમપરા વિસ્તારમાં પાણીની મોટર શરૂ કરવા જતાં પ્રૌઢને ઈલેકટ્રીક શોક લાગતા મોત

**ધારી દવાખાને સારવારમાં ખસેડાતા મૃત્યુ નિપજયું**

અમરેલી, તા. ૧૬
ધારી નજીક આવેલ પ્રેમપરા વિસ્તારમાં રહેતા મનસુખભાઈ વશરામભાઈ જાદવ નામનાં ૪૭ વર્ષિય પ્રૌઢ તા. ૧૫નાં રોજ બપોરે ૨ વાગ્યાથી સાંજના ૬-૩૦ કલાક દરમિયાન પોતાના ઘરે પાણીની ઈલેકટ્રીક મોટર શરૂ કરવા જતાં તેમને ઈલેકટ્રીક શોક લાગતા ધારી સરકારી દવાખાને સારવારમાં લાવતા તેમનું મોત નિપજયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.



## દર વર્ષે ૨ કરોડ રોજગારનું વચન આપનાર કેન્દ્ર સરકારને બેરોજગાર યુવાનોની ચિંતા નથી

# ઓહો હો : કેન્દ્ર સરકારનાં વિવિધ વિભાગોમાં ૩૦ લાખ જગ્યાઓ ખાલી

### ભાજપા સરકારમાં મળતિયાઓ અને ગોઠવણવાળાઓને મોટા પાયે રોજગાર મળે છે

### ગરીબ અને મધ્યમવર્ગનાં પરિવારનાં લાખો યુવાનોનાં ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે

### દેશમાં મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર ખરેખર બેકાબુ બની ગયા છે તે હકીકત છે

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીએ ભાજપ સરકાર સામે આકરી પ્રતિક્રિયા આપી

અમદાવાદ, તા. ૧૬

ભાજપાના સાંસદો પોતાનો પ્રગતિપથ ખુલે, પોતાની રોજગારી ટકી રહે તે માટે વારંવાર મહિમામંડન કરી રહ્યા છે. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડિયા ડિપાર્ટમેન્ટનાં કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભરતી, ભાજપ અને ભ્રષ્ટાચાર સાથે ચાલે છે. મધ્યપ્રદેશનાં વ્યાપમ કૌભાંડની જેમ જ ગુજરાતમાં વ્યાપક ભરતી કૌભાંડો ચાલી રહ્યાં છે. મોંઘા શિક્ષણ બાદ યુવાનોને રોજગારી મળતી નથી. શિક્ષણમાં ૩૨ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી છે બીજી બાજુ ટેટ–ટાટ પાસ થયેલા ૫૦ હજારથી વધુ યુવાનો શિક્ષક બનવા માટે રાહ જોઈ રહ્યાં છે. ઉચ્ચ શિક્ષણમાં પણ સરકારી અને ગ્રાન્ટેડમાં ૫૫ ટકા પ્રાધ્યાપકોની જગ્યા ખાલી, યુનિવર્સિટીમાં ૪૫ ટકાથી વધુ પ્રાધ્યાપકોની જગ્યા ખાલી છે. ટેકનિકલ શિક્ષણમાં પણ ડીગ્રી ઈજનેરી–૪૫ ટકા જેટલા અધ્યાપકો, ડિપ્લોમાં ઈજનેરી–૫૦ ટકા જેટલા અધ્યાપકોની જગ્યાઓ ખાલી છે, ડીગ્રી–ડિપ્લોમાં સહિતની કોલેજમાં લેબોરેટરી/વર્કશોપમાં પણ ૬૫ ટકા જગ્યાઓ ખાલી છે જેના કારણે વિદ્યાર્થીઓ હાલાકી ભોગવી રહ્યા છે. ગુજરાતમાં શિક્ષણ ખાડે ગયું છે જે ચિંતાનો વિષય છે. ગુજરાતમાં મોટાભાગનાં સરકારી વિભાગોમાં જગ્યાઓ ખાલી હોવા છતાં ભાજપ સરકાર ભરતી કરતી નથી. ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી વર્ગ–૩ અને વર્ગ–૪ની ભરતી કરવાને બદલે આઉટસોર્સ અને કોન્ટ્રાકટ પ્રથાથી ગુજરાતનાં યુવાનોનું સુનિયોજિત રીતે આર્થિક શોષણ થઈ રહ્યું છે. ત્યારે રાજયસભા સાંસદ પોતે હકીકત જાણે અને મહિમા મંડન કરવાની જગ્યાએ ગુજરાતનાં યુવાનોને કેમ કરીને રોજગાર મળે તેની ચિંતા કરે.

ઉચ્ચ શિક્ષિત યુવાનો લાંબા સમયથી સરકારી નોકરીમાં ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે બીજી બાજુ ભાજપ સરકાર લાંબા સમયથી વિવિધ વિભાગોમાં ખાલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા કરાતી નથી દરે વર્ષે બે કરોડ રોજગારનું વચન આપનાર કેન્દ્રની મોદી સરકારે–ભાજપ સરકારે દેશના અને ગુજરાતમાં કરોડો યુવાનો સાથે છેતરપીંડી–વિશ્વાસઘાત કર્યો છે, ભાજપ સરકારે દર વર્ષે ૨ કરોડ રોજગાર એટલે કે ૯ વર્ષમાં ૧૮ કરોડ રોજગાર આપવાને બદલે ૨ કરોડથી વધુ રોજગાર છીનવી લીધા. હકીકતમાં તો રેલ્વે, ગૃહ, રક્ષા, ઓડિટ, પોસ્ટ, રેવન્યુ સહિતનાં વિભાગોમાં પણ ૧૦ લાખ જેટલી જગ્યાઓ ખાલી છે. રેલ્વેમાં ૨.૯૩ લાખ, રક્ષા વિભાગમાં ૨.૬૪ લાખ, ગહ વિભાગમાં ૧.૪૩ લાખ, પોસ્ટસમાં ૯૦૦૫૦, રેવન્યુમાં ૮૦૨૪૩, ઓડિટમાં ૨૫૯૪૩ સહિત ૩૦ લાખ જેટલી જગ્યાઓ ખાલી છે. ભાજપા સરકારમાં મળતિયાઓ–ગોઠવણ વાળાઓને મોટા પાયે રોજગાર મળે છે સામાન્ય–મધ્યમવર્ગના લાખો યુવાનોના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે.

રાજયમાં આઉટસોર્સિંગ કોન્ટ્રાકટમાં ૮ લાખ કરતાં વધુ યુવાન–યુવતીઓનું સુનિયોજિત રીતે આર્થિક શોષણ થઈ રહ્યું છે. ભાજપ સરકારના શાસનમાં આઉટસોર્સિંગ–કોન્ટ્રાકટ–રોજમદાર સહિતના સરકારી શોષણ પધ્ધતિમાં ૫૦૦૦ કરોડ રૂપિયાનો જેટલો ભ્રષ્ટાચાર કરી આઉટસોર્સિંગ એજન્સીઓ કોન્ટ્રાકટરો ૪૦થી ૫૫ ટકાની નાણાં ચૂકવી રહ્યા છે. કેન્દ્ર સરકારે વિવિધ ભરતી પ્રક્રિયાના નામે કરોડ રૂપિયા ફોર્મ ફી પેટે–પરીક્ષા માટે બેરોજગાર યુવાનો પાસેથી છેલ્લા આઠ વર્ષમાં વસુલી લીધા પણ મોટાભાગની ભરતીઓની પરીક્ષા યોજાઈ નથી, જે પરીક્ષા યોજાઈ તેમાં પણ પરિણામ બાકી છે. ગુજરાતમાં સરકારી ભરતી પરીક્ષાઓમાં સતત પેપર ફૂટવા સહિતની ભરતી પરીક્ષાઓમાં અનેક પ્રકારની ગેરરીતિઓ સામે આવી છે.

૮૦૦૦ ગામડાઓમાં તલાટીઓની જગ્યા લાંબા સમયથી ખાલી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં ડોકટર, નર્સ સહિત મેડીકલ સ્ટાફની મોટાપાયે ઘટ છે. આરોગ્ય વિભાગમાં ૯૯ ટકા સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટની જગ્યાઓ ખાલી, માર્ગ અને મકાન વિભાગ, જળ સિંચાઈ, વોટર રિસોર્સ, નર્મદા સહિતનાં વિભાગોમાં મોટા પાયે જગ્યાઓ ખાલી છે બીજી બાજુ મોટાભાગનાં એન્જીનીયર વર્ક ડ્રોઈંગ, પ્રોજેકટ ડોકયુમેન્ટ, સુપરવિઝન, ઈન્સ્પેકશન સહિતના મોટાભાગનું કામ આઉટસોર્સ કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૫–૧૫ વર્ષથી આર્ટ શિક્ષક, સંગીત શિક્ષક, ફિઝિકલ એજયુકેશન શિક્ષક, કોમ્પ્યુટર શિક્ષક, લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવી નથી. ગુજરાતમાં શિક્ષણ, આરોગ્ય, માર્ગ અને મકાન વિભાગ સહિતનાં વિભાગો અને કેન્દ્રનાં રેલ્વે, રક્ષા, રેવન્યુ સહિતનાં વિવિધ વિભાગોમાં ખાલી પડેલી લાખો સરકારી જગ્યાઓને સત્વરે ભરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

---

### કોડીનાર સર્વેલનસ સ્કવોર્ડની સરાહનીય કામગીરી

## ઘાંટવડ ગામનો આરોપી વિદેશી દારૂનાં ૪૧૨૪૦નાં મુદ્દામાલ સાથે ઝડપાયો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૬

જુનાગઢ રેન્જ આઈ.જી.પી. મયંકસિંહ ચાવડા તથા ગીર–સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એમ.યુ.મસીનાઓએ પ્રોહી જુગારની અસામાજિક પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સખત સુચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને પોલીસ ઈન્સપેકટર આર.એ. ભોજાણી ના માર્ગદર્શન હેઠળ થયેલ કાર્યવાહી ગઈ તા. ૧૫/૫/૨૩ ના રોજ કોડીનાર પો.સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર આર.એ.ભોજાણી તથા ડી–સ્ટાફ ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ પી. જે. બાટવા તથા પો.હેડ.કોન્સ. હિતેષભાઈ મુળાભાઈ તથા લલીતભાઈ બાવકાભાઈ તથા ગોપાલસિહ દિપસિહ તથા પ્રકાશભાઈ પુનાભાઈ તથા વિશાલભાઈ અભેસિહભાઈ તથા પો.કોન્સ. કૃપાલસિંહ અતુલસિંહ તથા જગદીશભાઈ રામસીંગભાઈ તથા વિક્રમભાઈ હમીરભાઈ તથા ઈમ્તીયાઝભાઈ ભીખુભાઈ તથા વિશાલભાઈ ભાવસિંહભાઈ તથા હંસાબેન બાલુભાઈએ રીતે પોલીસ સ્ટાફના માણસો સાથે કોડીનાર પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કૃપાલસિંહ અતુલસિંહ તથા ઈમ્તીયાઝભાઈ ભીખુભાઈ તથા જગદીશભાઈ રામસીંગભાઈ તથા વિક્રમભાઈ હમીરભાઈ તથા ગોપાલસિંહ દિપસિંહનાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે ઘાંટવડ ગામે નવાપરા વિસ્તારમા રહેતો ગોપાલસિંહ કનુભાઈ ઉર્ફે કલાભાઈ ગોહિલ રહે ઘાંટવડ વાળાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનથી ભારતીય બનાવટના વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલો નંગ–૧૨ કિ. રૂ. ૩૬૨૪૦ તથા મોબાઈલ ફોન નંગ–૦૧ કિ.રૂ.૫૦૦૦ મળી કુલ રૂ.૪૧૨૪૦ના મુદામાલ સાથે મળી આવેલ હોય જેથી કોડીનાર પો.સ્ટેશન ગુર.નં.૧૧૧૮૬૦૦૨૨૩૦૭૧૭/૨૦૨૩ પ્રોહી કલમ ૬૫(ઈ), ૮૧ મુજબનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે કબ્જે કરેલ મુદામાલ – (૧) રોયલ ચેલેન્જ ફિનેસ્ટ પ્રીમીયમ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની કાચની બોટલ નંગ–૬૨ કિ. રૂ. ૩૨૨૪૦ (૨) સીગ્રામ ઈમ્પેરીયલ બ્લુહેન્ડ પીકેડ ગ્રેઈન વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની કાચની બોટલ નંગ–૧૦ કિ. રૂ. ૪૦૦૦ (૩) વન પ્લસ કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૦૧ કિ. રૂ. ૫૦૦૦ મળી કુલ મુદામાલ કિં. રૂ. ૪૧૨૪૦, આરોપીઓ ગોપાલસિંહ કનુભાઈ ઉર્ફે કલાભાઈ ગોહિલ રહે. ઘાંટવડ તા.કોડીનાર, પકડવાનો બાકી મહેશભાઈ ઉર્ફે લાલો ખાટુભાઈ ગોહીલ.

---

## બગસરા નાગરિક શરાફી મંડળીની લીલીયા મોટા શાખા દ્વારા બાજપાય સહાય નિધિની રકમ ચુકવાય

અમરેલી, તા. ૧૬

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી સભાસદ ગૌરીબેન જયંતીભાઈ માંડવીયાનું અવસાન થતા તેમનાં વારસદાર દીપકકુમાર જયંતીભાઈ માંડવીયાને મંડળી તરફથી બાજપાય સહાય નિધિની રકમ રૂા. ૨૫૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જન એમ.ડી. નિતેશભાઈ ડોડિયા, શાખા એમ.ડી. પરીનભાઈ રાજપુરા, ડીરેકટર, મગનભાઈ કરોલીયા તથા એડ બોર્ડ મેમ્બર દીલીપભાઈ ધાધલ, ખોડાભાઈ માલવિયા, વિઠ્ઠલભાઈ વન્દ્રા અશોકભાઈ જોષી, વિજયભાઈ કોગથીયા, સરલાબેન દવે તથા શાખા સેક્રેટરી, ધર્મેન્દ્રભાઈ ગાયજન સહીત ઉપસ્થિત રહયા હતા.

---

### રઘવંશી પરિવારને એક એફઆઈઆર માટે ભારે સંઘર્ષ કરવો પડયો

# અંતે વેરાવળનાં ડો. અતુલ ચગનાં આપઘાતનાં મામલે જુનાગઢનાં સાંસદ રાજેશ ચુડાસમા સામે ફરિયાદ નોંધાઈ

### હવે તટસ્થ તપાસ થાય છે કે શું તેના પર સૌની નજર મંડાયેલી છે

ઉના, તા. ૧૬

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળના જાણીતા ડોકટર અતુલ ચગ આત્મહત્યા કેસમાં સૌથી મોટા સમચાર સામે આવ્યા છે. જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે. સાંસદ રાજેશ ચૂડાસમાના પિતા નારણ ચૂડાસમા વિરૂદ્ધ પણ ફરિયાદ નોંધાઈ છે. વેરાવળના જાણીતા ડો. અતલુ ચગ આત્મહત્યા કેસમાં ત્રણ મહિના બાદ પોલીસે ફરિયાદ નોંધી છે. આ આત્મહત્યાના કેસમાં પોલીસે ૩૦૬, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબ ફરીયાદ નોંધી છે. મૃતકના પુત્ર હિતાર્થ ચગ આ કેસમાં ફરીયાદી છે. ૧૨ ફેબ્રૂઆરીએ કર્યો હતો આપઘાત વેરાવળના નામાંકિત ડો. અતુલ ચગે ૧૨ ફેબ્રૂઆરીએ આપઘાત કરી લીધો હતો. પોલીસને ડો. ચગના મૃતદેહ પાસેથી એક ચીઠ્ઠી મળી હતી આ ચીઠ્ઠીમાં નારણ ચુડાસમા અને રાજેશ ચુડાસમાના નામ લખવામાં આવ્યા હતા. આ ચીઠીમાં ડો. ચગે લખ્યુ હતુ કે, હું નારાણ ચુડાસમા અને રાજેશ ચુડાસમાના કારણે આપઘાત કરૂં છું. આ ચીઠી મળતા પોલીસે તપાસ શરૂ કરી હતી. સાંસદ રાજેશ ચુડાસમા તથા સાંસદના પિતા નારણભાઈ ચુડાસમા વિરૂદ્ધ ફરિયાદ નોંધવા વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં ડો. ચગના પુત્ર



હિતાર્થ ચગે અરજી કરી હતી. પોલીસ સ્ટેશનમાં કરેલી અરજીમાં ડો. ચગની આત્મહત્યા પાછળ રાજેશ ચુડાસમા અને તેમના પિતા નારણ ચુડાસમા જવાબદાર હોવાના આરોપ સાથે તેમના વિરૂદ્ધ એફઆઈઆર નોંધવાની પણ અરજ કરવામાં આવી હતી. નારણભાઈ ચુડાસમાએ ડો. અતુલ ચગ પાસેથી બેથી અઢી કરોડ રૂપિયા ઉછીના લીધા બાદ પરત ન આપ્યાનો પણ આરોપ લગાવાયો હતો. એટલું જ નહીં ઉછીના લીધેલા રૂપિયા સામે નારણભાઈએ આપેલા ચેક પણ પરત ફર્યા હોવાના પણ આરોપ લગાવાયા હતા. રૂપિયાની ઉઘરાણી કરતા સમયે પોતે શાસકપક્ષના સાંસદ હોવાના નાતે જાનથી મારી નાંખવાની અને પુત્રના અપહરણની ધમકી અપાઈ હોવાની પણ ડોકટરના પુત્રએ રાજેશ ચુડાસમા અને નારણ ચુડાસમા વિરૂદ્ધ આરોપ લગાવ્યો હતો. ડોકટરે આત્મહત્યા સમયે લખેલી સ્યુસાઈડ નોટ સાચી હોવાની તેમજ તે અક્ષર પણ ડોકટર અતુલ ચગના જ હોવાનો પણ અરજીમાં ઉલ્લેખ કરાયો હતો. સાત પાનાની આ અરજી વેરાવળ પોલીસ સ્ટેશનમાં ૧૭



ફેબ્રુઆરીના સાંજે ૭ વાગ્યેને ૧૦ મીનિટે ઈન્વર્ડ કરાઈ હતી. નામાંકિત ડો. અતુલ ચગે ૧૨ ફેબ્રૂઆરીએ આપઘાત કરી લીધો હતો. પોલીસને ડો. ચગના મૃતદેહ પાસેથી એક ચીઠ્ઠી મળી હતી. આ ચીઠ્ઠીમાં નારણ ચુડાસમા અને રાજેશ ચુડાસમાના નામ લખવામાં આવ્યા હતા.

---

## રાજુલા : નિવૃત ફોરેસ્ટરને મારી નાખવાની ધમકી : ફરિયાદ

રાજુલા, તા. ૧૬

રાજુલામાં રહેતા નિવૃત્ત ફોરેસ્ટર હોટેલમા નાસ્તો કરવા ગયા હતા ત્યારે બે શખ્સોએ તેમની સામે કાતર મારતા હોય તેઓને ના પાડતા આ બન્ને શખ્સોએ ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે તેમણે રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

નિવૃત્ત ફોરેસ્ટરને ધમકી આપ્યાની આ ઘટના રાજુલામાં છતડિયા રોડ પર આવેલ હોટેલમાં બની હતી મળતી વિગતો મુજબ, અહીં રહેતા ઈશુભાઈ બચુભાઈ ગાહા (ઉ.વ.૬૩) નામના નિવૃત્ત ફોરેસ્ટરે રાજુલા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ ગઈકાલે બપોરે સાડા બારેક વાગ્યે હોટેલમાં નાસ્તો કરવા માટે ગયા હતા અહીં હરેશભાઈ ઘાખડા અને એક અજાણ્યા શખ્સે તેને કહેલ કે દાદા તમે બીજા ટેબલ ઉપર ચાલ્યા જાવ તો અમે બંને સાથે ટેબલ પર બેસીએ. જેથી તેઓ અન્ય ટેબલ પર જતા રહ્યા હતા. બાદમાં હરેશ ધાખડા તેની સામે કાતર મારતો હોય જેથી તેને ના પાડતા આ બંને શખ્સોએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે હેડ કોન્સ્ટેબલ આર. કે. વરૂ દ્વારા વધુ આગળની ધોરણસરની તપાસ ચલાવવામાં આવી રહી છે.

---

### રાજુલા નજીક આવેલ

## જુની કાતર ગામે પકડાયેલ દીપડાને લઈ જવાતા ૨ ઈસમો દ્વારા અવરોધ

### રાઉન્ડ ફોરેસ્ટે જૂની કાતર ગામરનાં બે ઈસમો સામે ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૬

રાજુલા તાલુકાનાં જુની કાતર ગામે બે દિવસ પહેલા દીપડાએ એક બાળ કને ફાડી ખાધા બાદ વન વિભાગ ધ્વારા આવા દીપડાને પીંજરે પુરવાની કામગીરી કરવામાં આવતા અને પીંજરા મુકવામાં આવતા આ બે અલગ અલગ પીંજરામાં બે વન્ય પ્રાણી દીપડા પકડાયા હતા. તે દીપડાઓને એનીમલ કેર સેન્ટર ખાતે મુકવા જવાની કાર્યવાહી ચાલતી હતી ત્યારે જુની કાતર ગામે રહેતા જયસુખભાઈ રાજાભાઈ જોગદીયા તથા જયસુખભાઈ રામભાઈ સાંખટ નામનાં બે ઈસમો અલગ અલગ મોટર સાયકલ લઈ આવી વન વિભાગની બોલેરો ગાડી આગળ આડું ઉભુ રાખી દલ દીપડાઓને લઈ જવાની કાર્યવાહીમાં અવરોધ ઉભો કરી વન વિભાગનાં કર્મચારીઓની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી તથા વન વિભાગનાં કર્મચારીઓને આ બન્ને ઈસમોએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ રાઉન્ડ ફોરેસ્ટર અમરૂભાઈ લખમણભાઈ વાવડીયાએ રાજુલા પોલીસમાં નોંધાવતા ઈન્ચાર્જ પીઆઈ એ.એમ. રાધનપરાએ વધુ તપાસ હાથ ધરી છે.

---

# અમરેલીમાં નિર્માણાધીન સારહિ તપોવન આશ્રમની મુલાકાતે વેપારી અગ્રણીઓ











અમરેલી ખાતે સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલીત સારહી તપોવન આશ્રમની વેપારી અગ્રણીઓએ મૂલાકાત લીધી હતી. સંસ્થામાં ચાલી રહેલ બાંધકામ સહિતની વિકાસ પ્રવૃતિઓ નિહાળી વિશાળ નિર્માણકાર્યથી પ્રભાવિત થયા હતા અને સંસ્થાના કાર્યમા સહકારની ખાતરી આપી હતી. શુભેચ્છા મૂલાકાતમાં અમરેલીના વેપારી મહામંડળના હોદ્દેદારો બીરજુભાઈ અટારા, ચંદ્રેશભાઈ ધોળ કીયા, ભાવેશભાઈ પડસાલા, લાલભાઈ પોકાર, મનીષભાઈ ડોબરીયા, જયેશભાઈ પંડયા, વિજયભાઈ ખુબચંદાણી, મુકેશભાઈ સોઢા, ભીખુભાઈ સોમૈયા, શાંતિલાલ મુરલીધર, ખારાભાઈ સહિતના વેપારી મંડળના પદાધિકારીઓએ સારહી તપોવન આશ્રમની શુભેચ્છા મૂલાકાત લઈને સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગતો મેળવી સારહી તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી હતી.

### પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડની ઉર્જામંત્રીને રજૂઆત

# અમરેલી જિલ્લાનાં ખેડૂતોની એપ્રિલ અને મે મહિનાની નવા કનેકશનની માંગ પૂર્ણ કરો

### ૧૫ જૂન સુધીમાં નવા કનેકશન મળે તો ખેડૂતોને ફાયદો

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં હાલ ખેતીવાડીના નવા કનેકશન માટે ખેડૂતોએ જે માંગણી કરેલ છે. તેમાં ૩૧ માર્ચ ૨૦૨૩, સુધીનાં ખેડૂતોની માંગણી પ્રમાણેનાં કનેકશનોનાં સર્વે કરી કવોટેશન કાઢવાનો નવા કનેકશનોનો હુકમ કરેલ છે. તો એપ્રિલ તથા ૧૫–મે–૨૦૨૩ સુધીના ખેડૂતોની નવા



કનેકશનની માંગણીના સર્વે કરી કવોટેશન આપવા ભલામણ છે. જેથી ૧૫ જુન સુધીમાં દરેક ખેડૂતોનાં ખેતરમાં પોલ ઉભા થઈ જાય અને ચોમાસા તથા શિયાળુ પિયતમાં નવા વીજ કનેકશન ખેડૂતોને ઉપયોગી થઈ શકે તો આ બાબતે સત્વરે નિર્ણય કરવા પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડે ઉર્જામંત્રીને પત્ર પાઠવીને રજૂઆત કરેલ છે.

### ગુજરાત વિધાનસભામાં રેકોર્ડબ્રેક જીત બાદ લોકસભાની તૈયારી શરૂ

# ભાજપે જિલ્લા અને મહાનગરના સંગઠનના ૪૧ પ્રભારીઓની નિમણૂંક કરી

### 33 જિલ્લા અને આઠ મહાનગર પાલિકા વિસ્તારમાં પ્રભારીઓ નિમવામાં આવ્યા, કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યને કેસરિયો પહેરાવાની તૈયારી

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડબ્રેક જીત મેળવ્યા બાદ ભાજપે લોકસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. રાજ્યની ૨૬ બેઠકો પર વિજય મેળવવા ભાજપ દ્વારા પ્રયાસો શરુ કરી દેવામાં આવ્યાં છે.

વિધાનસભમાં જે સીટ પર પરાજય મળ્યો છે. ત્યાં કેવી રીતે સંગઠનને મજબૂત કરીને લોકસભામાં જીત મેળવવી તેની પર મંથન શરૂ કરવામાં આવ્યું છે. હવે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે જિલ્લા અને મહાનગરના સંગઠનના ૪૧ પ્રભારીઓની નિમણૂંક કરી છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે લોકસભાની ચૂંટણી પહેલાં સંગઠનને મજબૂત કરવા માટે જિલ્લા અને શહેર પ્રભારીની નિમણૂંક કરી છે. જેમાં ૩૩ જિલ્લા અને આઠ મહાનગર પાલિકા વિસ્તારમાં પ્રભારીઓ નિમવામાં આવ્યાં છે. સુરત શહેરમાં શિતલબેન સોની, વડોદરા શહેરમાં ગોરધન ઝડફિયા, જામનગરમાં પલ્લવીબેન ઠાકર, રાજકોટમાં પ્રકાશભાઈ સોની, ભાવનગર શહેરમાં ચંદ્રશેખર દવે, અમદાવાદમાં ઝવેરીભાઈ ઠકરારની નિમણૂંક કરવામાં આવી છે.

લોકસભાની ચૂંટણી પહેલાં આદિવાસી વિસ્તારમાં પક્ષની પકડ મજબૂત કરવા માટે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ ધારાસભ્ય ધીરુભાઈ ભીલને હવે ભાજપનો કેસરીયો પહેરાવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ધીરુભાઈ કોંગ્રેસની ટીકિટ પર ૬ વખત ચૂંટણી લડી ચૂક્યા છે. હવે તેમને ભાજપમાં લાવીને આદિવાસી મતો અંકે કરવાની તૈયારી કરી લેવાઈ છે. ધીરુભાઈ ભીલ ટુંક સમયમાં કેસરીયો ખેસ ધારણ કરે તેવી શક્યતાઓ છે.

### રોજગાર મેળા અંતર્ગત ૭૧૦૦૦ નિમણૂક પત્રો એનાયત કરાયા

# સરકારી નોકરીઓમાં ભ્રષ્ટાચાર, ભાઈ-ભત્રિજાવાદનો અંત આવ્યો : મોદી

નવી દિલ્હી, તા.૧૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે 'રોજગાર મેળા' હેઠળ લગભગ ૭૧,૦૦૦ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રો આપ્યા હતા અને કહ્યું કે, સરકારે ભરતી પ્રક્રિયાને પારદર્શક અને ન્યાયી બનાવી છે. જેના કારણે ભ્રષ્ટાચાર અને ભાઈ-ભત્રીજાવાદનો અંત આવ્યો છે.

આ નિમણૂકો કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો તેમજ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરવામાં આવી છે. તેમણે કહ્યું કે રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવા અને રાષ્ટ્રીય વિકાસમાં તેમની ભાગીદારીને મજબૂત કરવાનો અમારો પ્રયાસ છે. સમગ્ર દેશમાં ૪૫ સ્થળોએ 'રોજગાર મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું.આ અવસરે વડાપ્રધાન મોદીએ વિડિયો કોન્ફરન્સ દ્વારા આ નવનિયુક્ત કર્મચારીઓને સંબોધિત કર્યા હતા અને તેમને સરકારી નોકરી મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, 'આજે ૭૦ હજારથી વધુ યુવાનો ભારત સરકારના વિવિધ વિભાગોમાં સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો મેળવી રહ્યા છે.


તમે બધાએ સખત મહેનત કરીને આ સફળતા મેળવી છે. હું તમને અને તમારા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું.તેમણે કહ્યું કે, છેલ્લા નવ વર્ષોમાં ભારત સરકારે પણ સરકારી ભરતી પ્રક્રિયાને ઝડપી, વધુ પારદર્શક અને ન્યાયી બનાવવા માટે પ્રાથમિકતા આપી છે. આજે અરજીથી લઈને પરિણામ આવવા સુધીની તમામ પ્રક્રિયા ઓનલાઈન થઈ ગઈ છે. પીએમ મોદીએ કહ્યું કે આજે દસ્તાવેજોનું સ્વ-પ્રમાણીકરણ પણ પૂરતું છે અને 'ગ્રુપ સી' અને 'ગ્રુપ ડી' ની જગ્યાઓ માટે ભરતી માટે ઈન્ટરવ્યુ પણ નથી લેવાતા. તેમણે કહ્યું કે, આ તમામ પ્રયાસોથી ભ્રષ્ટાચાર અને ભત્રીજાવાદનો અંત આવ્યો છે.નવનિયુક્ત કર્મચારીઓને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે ભારત આજે જે ઝડપે અને સ્કેલ પર કામ કરી રહ્યું છે તે પણ આઝાદીના ૭૫ વર્ષના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. તેમણે વધુમાં કહ્યું કે, ૯ વર્ષ પહેલા આજથી ૧૬ મેના રોજ લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા હતા. ત્યારે આખો દેશ ઉત્સાહ, ઉમંગ અને વિશ્વાસથી નાચી ઉઠ્યો હતો. સૌના વિકાસના મંત્ર સાથે આગળ વધતું ભારત આજે વિકસિત ભારત બનવાના પ્રયાસો કરી રહ્યું છે.

# મનસા દેવીની મૂર્તિએ અચાનક આંખો બંધ કરી દીધી

નવી દિલ્હી, તા.૧૬

પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં મનસા દેવી માતા સાથે જોડાયેલા એક ચમત્કારની લોકોમાં ખૂબ ચર્ચા છે. એવો દાવો કરવામાં આવે છે કે, એક વ્યક્તિએ આ ચમત્કાર જોયો જ્યારે મનસા દેવીની આંખો અચાનક બંધ થઈ ગઈ. આ ચમત્કારની વાત બીરભૂમના દુબરાજપુરમાં ઝડપથી ફેલાઈ ગઈ. આ ઘટનાને જોવા માટે દૂર-દૂરથી ભક્તો આવવા લાગ્યા, સૌ એ જાણવા ઉત્સુક હતા કે અહીં ખરેખર શું બન્યું છે? આ પ્રાચીન માનસા મંદિર બીરભૂમના દુબરાજપુરના દંગલતલા વિસ્તારમાં આવેલું છે. આ મંદિરમાં દરરોજ અનેક લોકો આવે છે, અને સવાર પડતાની સાથે જ અહીં દર્શન માટે પૂજા શરૂ થઈ જાય છે. સોમવારે સવારે મંદિરની મુલાકાતે આવેલા એક ભક્તે દાવો કર્યો કે, તેણે જોયું કે મૂર્તિની આંખો બંધ હતી. આ સમાચાર જંગલની આગની જેમ ફેલાઈ ગયા. આ પછી દૂર-દૂરના વિસ્તારોમાંથી ઘણા લોકો આ જગ્યાએ આવવા લાગ્યા. લોકોનો એક જ ઉદ્દેશ્ય હતો કે, આ 'ચમત્કારી' દ્રશ્ય એક વાર પોતાની આંખે જોવાનું. સમાચાર મળ્યા પછી સૈનિકોએ જઈને આ જ ઘટના જોઈ. જોકે, બાદમાં મૂર્તિના મોંમાં પાણી આપવામાં આવ્યું અને આંખો ખુલી ગઈ. કેટલાક સ્થાનિકોનો દાવો છે કે આ એક ચમત્કાર છે, કારણ કે શનિવાર રાત સુધી મૂર્તિની આંખો ખુલ્લી હતી. જોકે, ખરેખર શું થયું હતું તે કોઈ કહી શક્યું નથી. કેટલાક લોકોએ વિચાર્યું કે, રંગને કારણે મૂર્તિની આંખો બંધ છે. પાણી આપતાં તે ધોવાઈ ગયું અને મૂળ સ્થિતિમાં આવી ગયું. કારણ ગમે તે હોય પરંતુ આસપાસના વિસ્તારોમાં તેની વ્યાપક ચર્ચા જોવા મળી હતી. શ્રાવણ મહિનાના અંતિમ દિવસે, હિન્દુઓ તેમના ઘરોમાં મા મનસા દેવીની પૂજા કરે છે. સ્થાનિક રહેવાસી સાગર ડેએ કહ્યું, "જ્યારે અમે સવારે આવ્યા તો જોયું કે, મા મનસાની આંખો બંધ હતી. આ ઘટનાને જોયા બાદ મંદિર પરિસરમાં ભીડ જોવા મળે છે. આ પ્રકારની ઘટના પહેલા ક્યારેય બની નથી.

# જસાધાર રેન્જમાં સિંહને પજવતાં ૨ શખ્સો ઝડપાયા



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.



ઉના, તા. ૧૬

જસાધાર રેન્જના જંગલ વિસ્તારમાં સિંહોની પજવણી કરતા શખ્સોનો વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયો મામલે વન વિભાગે કાર્યવાહી કરી બે આરોપીને ઝડપી પાડયા છે. આ આરોપીઓ જસાધારના ખિલાવડ ગામ નજીક પાઠાગાળા વિસ્તાર કે જે રેવન્યુ વિસ્તાર છે ત્યાં સિંહની પજવણી કરી રહ્યા હતા.

મળતી વિગતો અનુસાર આજરોજ ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા વિસ્તારમાં સિંહ પજવણી કરતા બે શખ્સોની વન વિભાગે ધરપકડ કરી છે. જેમાં ઉગલા ગામના રહિશ આરોપી હરેશ નાથાભાઈ બાંબા અને મધુ ધુળાભાઈ જોગદિયા ખિલાવડ ગામ નજીક સિંહની પજવણી કરતા હોવાનો વીડિયો સામે આવતા કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીઓ દ્વારા રાત્રિના સમયે ખિલાવડ ગામ નજીક રેવન્યુ વિસ્તારમાં આવેલા સિંહને લાઈટો કરી છુટ્ટા પથ્થર ફેંકી અને ડરાવી ભગાવતા હોવાનું સામે આવ્યું છે. આ મામલે વન વિભાગે બંને આરોપીની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજૂ કરતા કોર્ટે બંને આરોપીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

આમ હવે આરોપીની પુછપરછમાં સામે આવશે કે તેઓ અગાઉ પણ આ પ્રકારને સિંહની પજવણી કરી ચૂકયા છે કે કેમ? તેમજ આ કૃત્ય તેમને કયા કારણોસર કર્યુ હતું? પરંતુ મહત્વનો સવાલ છે કે ગીર સોમનાથ જિલ્લામાં અવારનવાર સિંહની પજવણી કરવા તેમજ વન્યજીવોને પરેશાન કરી વિકૃત આનંદ માણવાની ઘટના ઘટી રહી છે. છતાં પણ તંત્ર સજાગ બની નક્કર કાર્યવાહી કેમ નથી કરતી? ત્યારે વન વિભાગના અધિકારીઓની રહેમ નજર હેઠળ જંગલ વિસ્તાર નજીક આસપાસના અનેક ગામોમાં હજુ પણ સિંહ દર્શન સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી હોય તે બંધ કરાવવામાં આવે તેવી પર્યાવરણ પ્રેમીઓ દ્વારા માંગ કરવામાં આવી હતી.

### ગુજરાતના મુખ્યપ્રધાનના પુત્રને 30 એપ્રિલે બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો

# ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજની સ્થિતિમાં સુધારો થયો

### અનુજને વેન્ટિલેટર પરથી હટાવી લેવાયો અને તે વાતચીત કરી શકે છે

મુંબઈ, તા.૧૬

સીએમ ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલ બ્રેઈન સ્ટ્રોક આવ્યા બાદ મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. હાલ અનુજની ત્યાં સારવાર ચાલી રહી છે. હોસ્પિટલ દ્વારા અનુજ પટેલના સ્વાસ્થ્યને લઈને હેલ્થ બુલેટિન બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ હવે અનુજ પટેલની સ્થિતિ સારી છે. તેઓને વેન્ટિલેટર પરથી હટાવી લેવામાં આવ્યા છે અને તેઓ વાતચીત કરી શકે છે.

અનુજને ૩૦ એપ્રિલ અચાનક બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. જે બાદ તેમને અમદાવાદની કે.ડી હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. જ્યાંથી તેમની સર્જરી માટે એર એમ્બ્યુલન્સથી મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

### કર્ણાટકમાં આગામી મુખ્યપ્રધાનને લઈને ધમાસણ જારી

# હું છેતરીશ નહીં, બ્લેકમેલ નહીં કરૂ : ડીકે શિવકુમાર

### મુખ્યપ્રધાનની રેસમાં સામેલ ડીકે શિવકુમાર પણ દિલ્હી પહોંચ્યા

બેંગલુરૂ, તા.૧૬

કર્ણાટકના આગામી સીએમને લઈ કોંગ્રેસમાં ઘણી મથામણ દિલ્હીમાં ચાલી રહી છે. આ માટે સોનિયા અને રાહુલ ગાંધી પાસેથી સલાહ લેવામાં આવશે. સીએમ પદના ઉમેદવાર સિદ્ધારમૈયા ગઈકાલે મોડી સાંજે દિલ્હી પહોંચ્યા હતા. ડીકે શિવકુમાર આજે સવારે બેંગલુરુથી દિલ્હી જવા રવાના થયા હતા.

અગાઉ સોમવારે દિવસભર બેંગલુરુથી દિલ્હી સુધી બેઠકો યોજાઈ હતી. ધારાસભ્યો સાથે ચર્ચા કરીને દિલ્હી પહોંચેલા ત્રણ નિરીક્ષકો સુશીલ કુમાર શિંદે, ભંવર જિતેન્દ્ર સિંહ અને દીપક બાવરિયાએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો.

ડીકે શિવકુમારે કહ્યું, 'આપણે બધા એક છીએ. તેમણે કહ્યું મારી તાકાત ૧૩૫ વિધાયક છે. હું કોઈને વિભાજિત કરવા માંગતો નથી પછી ભલે તેઓ મને પસંદ કરે છે કે ન કરે. હું એક જવાબદાર વ્યક્તિ છું. હું 'છેતરીસ નહીં' કે 'બ્લેકમેલ નહીં કરું'. ૧૩ મેના રોજ ચૂંટણી પરિણામ આવ્યા બાદ અત્યાર સુધી કોંગ્રેસ મુખ્યમંત્રી માટે કોઈની જાહેરાત કરી શકી નથી.

### અનુ.જાતિનાં લોકો માટેનાં મફત પ્લોટની જમીન ઉપર

# ચિત્તલ : જશવંતગઢ ગામે ખુલ્લેઆમ કાયદાનાં ધજાગરા : તપાસની માંગ થઈ

### નિયમ વિરૂધ્ધ બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું



અમરેલી, તા. ૧૬

અમરેલીનાં જશવંતગઢ ખાતે કોઈપણ જાતનાં ડર વગર અનુસૂચિત જાતિનાં લોકો માટે ૧૦૦ ચો.વાર પ્લોટ વિનામૂલ્યે મળે તે માટે સરકારે ફાળવેલ જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા જેસીબી ચલાવી જમીનમાં ઉંડા ખાડા કરી, માટી ગેરકાયદેસર રીતે ટ્રેકટરોમાં ભરી ગેરકાયદેસર નિકાલ કરી નાખી. અનુસૂચિત જાતિનાં લોકોને મફત પ્લોટ ન મળે તે માટેનું ષડયંત્ર કરી ગ્રામ પંચાયતે જમીન પર બુલડોઝર ફેરવી દીધું. કાયદો અને વ્યવસ્થાનાં ઉડયા લીરેલીરા, જમીન કરી ખેદાન–મેદાન, સરકારી તંત્રનું અકળ મૌન કેમ ? સ્થાનિક લોકો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી ન્યાયની માંગણી કરતા, નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, અમરેલી દ્વારા જીલ્લા વિકાસ અધિકારીને પત્ર લખી નિયમ મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે. આ પત્રની જાણ કરતી નકલ જીલ્લા કલેકટર અને એસ.પી.ને કરેલ છે.

### સમગ્ર દેશમાં સપ્તાહથી કાળઝાળ ગરમી

# દેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડવાની શક્યતા

નવી દિલ્હી, તા.૧૬

સમગ્ર દેશમાં છેલ્લા ઘણા અઠવાડિયાથી સતત આગઝરતી ગરમી પડી રહી છે. રાષ્ટ્રીય રાજધાની સહિત દેશના ઘણા રાજ્યોમાં સવારથી સાંજ સુધી લોકોને ગરમ પવનનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે લોકોની મુશ્કેલીઓ પણ વધી રહી છે. હવામાન વિભાગ અનુસાર દેશના ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ પહોંચી ચૂક્યુ છે. વિભાગ અનુસાર મંગળવારે દેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર મંગળવારે દિલ્હીના કેટલાક સ્થળો પર અને આસપાસના વિસ્તારોમાં ૪૦-૫૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાશે. સાથે જ વરસાદની શક્યતા છે. આ સિવાય દિલ્હીમાં મંગળવારે ૧૬ મે એ મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાના અણસાર છે. હવામાન વિભાગ અનુસાર રાજસ્થાનમાં મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી નજીક પહોંચી ગયુ. આ સિવાય રાજ્યના ભરતપુર, બીકાનેર દૌસા જેસલમેર, નાગૌર, ચૂરુ, સીકર, શ્રીગંગાનગર, હનુમાનગઢ જિલ્લા અને આસપાસના વિસ્તારોમાં ૧૬ મે એ વાવાઝોડુ અને સામાન્ય વરસાદની આશા છે.ઉત્તરાખંડ રાજયના ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથૌરાગઢની ઊંચાઈ ધરાવતા સ્થળોમાં ક્યાંક-ક્યાંક ખૂબ સામાન્ય વાદળ ગર્જના સાથે વરસાદની શક્યતા છે. આ સિવાય રાજ્યમાં હવામાન શુષ્ક રહેશે. ઉત્તર પ્રદેશમાં પણ વરસાદની શક્યતા છે. રાજ્યના નંદગાંવ, બરસાના, રાયા, મથુરા, પિલાની, ભિવાડી, તિજારા, ખૈરથલ, કોટપૂતલી, અને આસપાસના વિસ્તારોમાં સામાન્ય વરસાદની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર આઈએમડીએ સોમવારે ૧૫ મે એ જણાવ્યુ કે આગામી ૨૪ કલાક દરમિયાન ઓડિશાના જિલ્લાઓમાં અમુક સ્થળો પર મહત્તમ તાપમાનમાં ધીમે-ધીમે ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. વિભાગે સુંદરગઢ, ઝારસુગુડા, સંબલપુર, સોનપુર અને બોલાંગીર જિલ્લાઓમાં કેટલાક સ્થળો પર હીટવેવ માટે એલર્ટ જારી કર્યુ છે. મહારાષ્ટ્રમાં પણ હવામાન વિભાગે ગરમીને લઈને એલર્ટ જારી કર્યુ છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ચૂક્યુ છે.

# સીબીઆઈના પટના, આરા, ભોજપુર, દિલ્હી અને ગુડગાંવ સહિત ૯ સ્થળોએ દરોડા

નવી દિલ્હી, તા.૧૬

સીબીઆઈ લેન્ડ ફોર જોબ કૌભાંડના સંદર્ભમાં પટના, આરા, ભોજપુર, દિલ્હી અને ગુડગાંવ સહિત ૯ સ્થળોએ દરોડા પાડી રહી છે. આરજેડીચીફ લાલુ યાદવના નજીકના ધારાસભ્ય કિરણ દેવીના પટના અને આરાના ઘરો પર સીબીઆઈના દરોડા પાડવામાં આવી રહ્યા છે. સીબીઆઈ સવારથી તેના ઠેકાણા પર દરોડા પાડી રહી છે. સીબીઆઈપટના, આરા, ભોજપુર, દિલ્હી અને ગુરુગ્રામ સહિત ૯ સ્થળોએ દરોડા પાડી રહી છે. લેન્ડ ફોર જોબ કૌભાંડના સંદર્ભમાં સીબીઆઈ અહીં દરોડા પાડી રહી છે. કિરણ યાદવની સાથે સીબીઆઈએ પૂર્વ મંત્રી પ્રેમચંદ ગુપ્તાના ઘર પર પણ દરોડા પાડ્યા છે.

બિહારમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અરાહમાં આરજેડી ધારાસભ્યના સ્થળો પર સીબીઆઈના દરોડા પડ્યા છે. ધારાસભ્ય કિરણ દેવીના પતિ અરુણ યાદવ રેતીના મોટા વેપારી છે. કિરણ દેવી લાલુ પ્રસાદની નજીક છે અને પૂર્વ ધારાસભ્ય અરુણ યાદવની પત્ની છે. ભોજપુરમાં અંગિયાવના ઘરે દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. સીબીઆઈની ટીમ દરોડા પાડવા માટે ભોજપુર ખાતે કિરણ દેવીના ઘરે પહોંચી છે.

### અમરનાથ યાત્રાને લઈને મોટા સમાચાર

# ૧૩ વર્ષથી નીચે, ૭૫ વર્ષથી ઉપરનાને અમરનાથ યાત્રાની મંજૂરી નહીં મળે

### અમરનાથની વાર્ષિક તીર્થયાત્રા માટે ૧૭ એપ્રીલથી રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું, ગુફા મંદિરની ૬૨ દિવસની તીર્થ યાત્રા એક જુલાઈથી ૩૧ ઓગસ્ટ સુધી યોજાશે

નવી દિલ્હી, તા.૧૬

અમરનાથ યાત્રાને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. નવા નિયમો મુજબ હવે ૧૩ વર્ષની નીચેના અને ૭૫ વર્ષથી વધુ ઉંમરના કોઈપણ વ્યક્તિને અમરનાથ યાત્રા પર જવાની મંજુરી અપાશે નહીં. અમરનાથની વાર્ષિક તીર્થયાત્રા માટે ૧૭ એપ્રીલથી રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું હતું. મોટી સંખ્યામાં લોકો પરમિટ મેળવવા દેશભરની પસંદગી કરાયેલી બેંકોની શાખાઓ પર પહોંચવા લાગ્યા છે. દક્ષિણ કાશ્મીરમાં ૩૮૮૦ મીટર ઊંચાઈ પર આવેલ ગુફા મંદિરની ૬૨ દિવસની તીર્થ યાત્રા એક જુલાઈથી ૩૧ ઓગસ્ટ સુધી યોજાવાની છે. નવા નિયમો મુજબ ૬ મહિનાથી વધુ સગર્ભા મહિલાઓનું યાત્રા માટે રજીસ્ટ્રેશન પણ બંધ કરાયું છે. બાબા અમરનાથ ૨ રસ્તાઓ દ્વારા પહોંચી શકાય છે. પ્રથમ રસ્તો દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં પહલગામ થઈને પારંપરિક ૪૮ કિલોમીટરના રૂટ પરથી, જ્યારે બીજો રસ્તો મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં ૧૪ કિલોમીટર ટૂંકો પરંતુ ઊંચો ચઢાણવાળો બાલટાલ માર્ગ દ્વારા બાબા અમરનાથ પહોંચી શકાય છે. અધિકારીઓએ કહ્યું કે, યાત્રા ઉપરોક્ત બંને રસ્તાઓ પરથી એકસાથે શરૂ થશે. તીર્થયાત્રીઓ માટે ગત વર્ષની મેન્યુઅલ પ્રક્રિયાના બદલે આ વર્ષે આધાર પ્રમાણપત્ર આધારિત ફોર્મ જનરેશન સિસ્ટમ બનાવાઈ છે. ગત વર્ષ સુધી મુસાફરોને મેન્યુઅલ ફોર્મ અપાતા હતા, હવેથી સિસ્ટમ મુજબ ફોર્મ જનરેટ કરવામાં આવશે. યાત્રામાં જવા ઈચ્છુક તીર્થયાત્રીઓ પ્રતિષ્ઠિત ડોક્ટરો પાસેથી આરોગ્ય પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે.આગામી અમરનાથ યાત્રાની તૈયારીઓ અંગે જમ્મુ-કાશ્મીર પોલીસે બેઠક પણ યોજી હતી. વિસ્તારમાં પર્યાપ્ત પોલીસ અને સુરક્ષા દળોની તૈનાતી સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ ચુકી છે. બેઠકમાં વર્તમાન સુરક્ષા પરિદ્રશ્ય અને આ વર્ષે યાત્રા પર સંભવિત જોખમોને ધ્યાને રાખીને સીઆરપીએફ, પોલીસ અને ગુપ્તચર એજન્સીઓના અધિકારીઓ વચ્ચે વિગતવાર ચર્ચા થઈ હતી. જમ્મુ અને કાશ્મીરમાં અમરનાથ યાત્રા માટે ૨૫૦૦થી વધુ મોબાઈલ ટોઈલેટ તૈયાર કરવાની યોજના છે. અધિકારીઓએ જણાવ્યું કે, આમાંથી મોટાભાગના શૌચાલય ૩,૮૮૦ મીટરની ઉંચાઈ પર પવિત્ર ગુફા તરફ જતા બે મુખ્ય માર્ગો પર બનાવાશે. લખનપુરથી ગુફા સુધીના શૌચાલયોના સંચાલન માટે ૧૫૦૦ લોકોને કાર્યરત કરાશે.

### સ્થાનિક પોલીસની મદદથી ૧૨૧૭મો પ્રયોગ સફળ

# ભેંસાણ : ચુડા સ્વામીનારાયણ મંદિરના પૂજારીનો વિજ્ઞાન જાથાએ કર્યો પર્દાફાશ

## રાજકીય આગેવાનો પણ પોલીસ સ્ટેશને પહોંચ્યા





અમદાવાદ, તા. ૧૬

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના ચુડા ગામના વૃદ્ધા ઉપર ખોટો આરોપ મૂકનાર ગામના સ્વામિનારાયણ મંદિરના પૂજારી દેવશી ડાયાભાઈ વોરાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે ભેંસાણ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૧૭મો સફળ પર્દાફાશ કર્યો હતો. પૂજારી દેવશીભાઈએ મંદિરમાં કાયમી જોરઝપટ, ખોટો આરોપ મૂકવાની પ્રવૃત્તિ બંધ કરવાની કબૂલાત સાથે માફી માંગી લીધી હતી. વૃદ્ધા નિર્દોષ હોવાની જાહેરાત કરી દીધી હતી.

બનાવની વિગત પ્રમાણે ચુડા ગામથી સંજય વિઠ્ઠલભાઈ વાવલીયા, નિકુંજભાઈ સહિત ચાર વ્યકિતઓ આવી રૂબરૂ માહિતી આપી. તેમાં વૃદ્ધ માતા રંભાબેન ઉપર ગામની પરણીત યુવતી અને ગામના સ્વામિનારાયણ મંદિરના પૂજારી દેવશી વોરાની મિલીભગતથી ડાકણનો ખોટો આરોપ મૂકવામાં આવ્યો, સાથે ગામમાં અમારો પરિવાર બહિષ્કાર થાય તેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું અને માતાને જીવવું દોહલું બની જતા આ સમગ્ર મામલાને ધ્યાને રાખી જાથા નિષ્પક્ષ તપાસ કરી સત્યને ઉજાગર કરવાની વાતચીત કરવામાં આવી હતી. ગામની પરણીતા હાલ સુરત હોય તેવું વાતચીતમાં જણાવવામાં આવ્યું હતું. પરણીતા યુવતીનો બંને પક્ષના પરિવારો અમારા ઘરે આવી જે કંઇ કર્યુ હોય તે દૂર કરવા સાથે ધાક–ધમકી આપી હતી. ખોટા આરોપ સાથે ડાકણ શબ્દ પ્રયોગ દૂર કરવા સંબંધી માહિતી આપવામાં આવી હતી.

જાથાના ચેરમેન – એડવોકેટ જયંત પંડયાએ ગામમાં ખરાઈ કરવા કાર્યકરોને મોકલતા બનાવ સત્ય સાબિત થયો હતો, તેથી સેપ્રથમ સુરત પાંડેસરા પોલીસ સ્ટેશનની હદમાં રહેતી પરણીતા યુવતિ સહિત ઘરના સદસ્યોને કાયદામાં પ્રતિબંધ, ગુન્હો બનતો હોય તેવી માહિતી આપતા ભૂલ કબુલી માફી સાથે કબૂલાતનામું આપી દીધું હતું. જાથાની કામગીરીની મીડિયા જગતે વિશેષ નોંધ લીધી હતી.

ગામની વૃદ્ધા ઉપર ખોટું આળ, આરોપ નીકળી ગયો હતો. સુરતમાં જાથાની કાર્યવાહીની ખબર પડતાં પૂજારી દેવશી વોરાએ જોરઝપટ કાઢવાનું બંધ કરી દીધું હતું. ગામમાં વિજ્ઞાન જાથા આવે છે કે નહીં તેની સતત સાવચેતી રાખતા હતા. મંદિરમાં બીમાર વ્યકિતઓ, બીમાર પ્રાણીઓ માટે લોકો જાતે ધૂપ લેવા લાગ્યા હતા. પૂજારી સાવચેતી રાખતા હતા.

જાથાએ કામચલાઉ ભ્રમ ઊભો કરી ચુડા આવશે નહીં તેવી વાતચીત મૂકી દીધી. પૂજારી દેવશીભાઈના વધુ પુરાવા મળી જતાં પર્દાફાશ કરવાનું નક્કી થયું.

જાથાના ચેરમેન પંડયાએ ગાંધીનગર ઉચ્ચ અધિકારીઓ સહિત જુનાગઢ એસ.પી.ને પત્ર મોકલી પૂજારીના પર્દાફાશ માટે ભેંસાણ પોલીસ સ્ટેશનના સ્ટાફની માંગણી કરવામાં આવી, જેથી એસ.પી., ડી.વાય.એસ.પી.એ ભેંસાણના પી.એસ.આઈ.ને જરૂરી સૂચના મોકલી તકેદારી રાખવાની જાણ કરી દીધી. જાથાએ ભેંસાણ પોલીસ સ્ટેશનના ચાર્જના પી.એસ.આઈ. આર. પી. ચુડાસમા સાથે વાતચીત કરી લીધી.

રાજકોટથી જાથાના ચેરમેન જયંત પંડયાના વડપણ હેઠળ અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, કૌશિક મકવાણા, મીનેશભાઈ જીવાણી, જેતપુરના રમેશ પરમાર, સંજય જાદવ સહિત કાર્યકરો ભેંસાણ પોલીસ સ્ટેશને પહોંચ્યા ત્યારે પી.એસ.ઓ. રમેશભાઈ અખેર, બંદોબસ્તના સંજયભાઈ નાનુભાઈ વાણીયા, હેડ કોન્સટે. મોહસીનભાઈ સલીમભાઈ, માનસિંગભાઈ રામભાઈ, સ્ટાફ હજાર હતો.

ચુડા ગામમાં જવા માટે પોલીસ જીપ, જાથાનું વાહન, પીડિત પરિવારનું વાહન સાથે પૂજારી દેવશીભાઈના ઘરે પહોંચ્યા. તેમના પુત્ર જયરાજભાઈ હાજર હતા.

સાત પેઢીથી સ્વામિનારાયણ મંદિરમાં સેવા–પૂજા કરીએ છીએ, મારા પિતા ૨૦ વર્ષથી વધુ પૂજારી તરીકે સેવા આપે છે. સાળંગપુરના હનુમાનજી પછી આ જગ્યાના હનુમાનજી પાસે લોકો ધૂપ લેવા આવે છે. વૃદ્ધા પર ખોટો આરોપ પિતા દેવશીભાઈએ મૂકયો છે તે કાયદામાં ગુન્હો બને છે તે સંબંધી વાત કરવામાં આવી.

જુનાગઢ સ્વામિનારાયણ મંદિરે ગયા છે, આવશે એટલે તુરંત પોલીસ સ્ટેશને આવશે તેવી બાહેંધરી આપી. પરણીત યુવતી ધૂણીને વૃદ્ધાનું નામ લીધું છે તેમાં સૂત્રધારની ભૂમિકા સંબંધી જાથાએ વાત મૂકી દીધી હતી. ચુડા આખા ગામમાં જાથાના સમાચાર મળતા લોકો ભેગા થવા લાગ્યા. પોલીસ સ્ટાફ સહિત પીડિત પરિવારના ઘરે જઈ સાંત્વના આપી. પોલીસે સતર્કતા રાખી હતી.

પૂજારી દેવશીભાઈએ જુનાગઢ મંદિરના દર્શન કોરાણે મૂકી રાજકીય આગેવાનોની મદદ મેળવવા પ્રયત્નો કર્યા, જાથાની ખબર પડતા અમૂકે મોબાઈલ રિસીવ ન કર્યા. પોલીસ સ્ટેશનમાં હાજર થવામાં પાંચ કલાક બધાને પ્રતિક્ષા કરાવી ત્યારબાદ રાજકીય આગેવાનો સાથે પૂજારી હાજર થયા. પોલીસે કાયદાની ભાષા વાપરવી પડી હતી.

જાથાના ચેરમેન પંડયાએ વિનમ્રતાથી રાજકીય આગેવાનો સાથે પરામર્શ કર્યા. જાથા પુરાવા સાથે કામ કરે છે. સૌએ સ્વીકાર કર્યો હતો. સમાચારપત્રો માધ્યમો ન આવે તે સંબંધી વાત મુકી હતી પરંતુ જાથાએ ઈન્કાર કર્યો હતો.

કબૂલાતનામાંમાં હું દેવશીભાઈ ડાયાભાઈ વોરા ઉ. વ. ૫૮ રહેવાસી ચુડા સ્વામિનારાયણ મંદિરમાં સેવા–પૂજા કરૂં છું, રંભાબેન પ્રકરણમાં મારી ભૂલ કબૂલુ છું, કાયમી જોરઝપટ, ખોટા નામ આપવાની પ્રવૃત્તિ બંધની જાહેરાત કરૂં છું. હાથમાં બોર્ડ લઈને એકરાર કર્યો હતો. મામલો થાળે પડયો હતો.

જાથાએ મંદિરમાં ખોટા નામ આપવાની, આરોપ મૂકવાની પ્રવૃત્તિ કાયમી બંધ કરાવી હતી. ચુડા આખું ગામે રાજીપો વ્યકત કર્યો હતો. ગ્રામજનોએ જાથાને ટેકો આપ્યો હતો.

જાથાએ ૧૨૧૭મો પર્દાફાશમાં ભેંસાણ પોલીસ સ્ટેશનની ઉત્કૃષ્ટ કામગીરી હતી. સફળ પર્દાફાશમાં જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, કૌશિક મકવાણા, મીનેશભાઈ જીવાણી, જેતપુરના રમેશ પરમાર, સંજય જાદવની સુંદર કામગીરી ઉપરાંત પી.એસ.આઈ. આર.પી. ચુડાસમા, હેડ કોન્સટે. સંજયભાઈ નાનુભાઈ વાણીયા, મોહસીનભાઈ સલીમભાઈ, માનસિંગભાઈ રામભાઈ, પી.એસ.ઓ. રમેશભાઈ અખેર સહિત સમગ્રસ્ટાફે મદદ કરી હતી. રાજયમાં ખોટા આરોપ, ડાકણ સંબંધી માહિતી માટે મો.નં. ૯૮૨૫૨ ૧૬૬૮૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# પરમાત્મા હંમેશા આપણી સાથે છે



પોતાના જીવન દરમિયાન આપણે બધા કયારેકને કયારેક એવું મહેસુસ કરીએ છીએ કે આપણે એકલા છીએ. આપણે આ એકલા પણ એટલા માટે લાગે છે કેમ કે આપણે જીવનમાં આવેલી મુસીબતોથી ગભરાઈ જઈએ છીએ અને તે સમયે આપણને એવું લાગે છે કે કોઈ આપણી મદદ નથી કરી રહ્યું. તો આવી અવસ્થામાં આપણે પિતા પરમેશ્વરની યાદ આવે છે. અને આપણું ધ્યાન તેમની તરફ જાય છે સાથે આપણને એ અનુભવ થાય છે કે પ્રભુની દિવ્ય શકિત આપણા દૈનિક જીવનમાં આપણી મદદ કરી રહી છે.

ઘણીવાર આપણે તે જાણવા છતાં કે આપણે સફળ થઈશું નહીં કોઈ કાર્ય કરવાનો પ્રયત્ન કરીએ છીએ પરંતુ પ્રભુની દિવ્ય શકિત રહસ્યમય રીતે આપણી મદદ કરે છે અને આપણે એ કાર્યમાં સફળ થઈ જઈએ છીએ. જો આપણે વિચારીએ કે કેટલીક વાર આપણે પોતાના દૈનિક જીવનમાં આવા કાર્યમાં સફળ થવાનો પ્રયાસ કર્યો છે તો આપણે જાણીશું કે ઘણીવાર આપણું મન હાર માની લે છે કેમ કે આપણને એવું લાગે છે કે આપણી પાસે તે કાર્ય કરવાની તાકાત નથી પરંતુ ત્યારે પ્રભુની દયા મહેરથી બધું ઠીક થઈ જાય છે.

ઘણીવાર આપણે વિચારીએ છીએ કે જીવનના પડકારોનો સામનો પણ એકલો જ કરવો પડશે. પરંતુ આપણે એ નથી જાણતા કે કેવી રીતે કેવી રીતે પિતા પરમેશ્વરની દિવ્ય શકિત હંમેશા આપણી સાથે રહે છે. જયારે આપણને એવું લાગે છે કે આપણા જીવનમાં બધું ખોટું થઈ રહ્યું છે તો તે સમયે પિતા પરમેશ્વરની તે શકિત આપણીમદદ કરે છે અને આપણે જીવનના પડકારોનો સામનો બહુ આસાનીથી કરી લઈએ છીએ.

આપણે દરેક સમયે એ યાદ રાખવું જોઈએ કે પરમાત્મા હંમેશા જીવનના દરેક મોડ પર આપણી સાથે છે.

પિતા પરમેશ્વર દ્વારા આપવામાં આવેલી આ સહાયતા અને માર્ગદર્શન માટે આપણે તેનો આભાર વ્યકત કરવો જોઈએ. આભાર વ્યકત કરવાની સૌથી સારી રીતે ધ્યાન અભ્યાસ છે. જેમાં આપણે મૌન અવસ્થામાં બેસીને પિતા પરમેશ્વરના નામનું પુનરાવર્તન કરીએ છીએ અથવા તેમને યાદ કરીએ છીએ તો આપણે આપણી અંતરમાં પ્રભુની શકિતથી જોડાઈ જઈએ છીએ અને ત્યારે આપણને એ અહેસાસ થાય છે કે આપણે આ દુનિયામાં એકલા નથી અને પિતા પરમેશ્વર હંમેશા આપણી સાથે છે.

**– સંત રાજીન્દર સિંહજી મહારાજ**
**(સાવન કૃપાલ રૂહાની મિશન)**

# મોટા આંકડીયાના પ્રા.આ.કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી





અમરેલી, તા.૧૬

પ્રા.આ.કેન્દ્ર મોટા આંકડીયા તમામ ગામોમાં જિલ્લા મેલેરીયા અધિકારી તેમજ તાલુકા આરોગ્ય અધિકારીની સુચનાથી તથા મેડીકલ ઓફિસર ડો.જાનકી પરમાર તથા ડો.કે.જી. મણવરનાં માર્ગદર્શનથી રેલી, ઘર ઘર સુધી પહોંચીને ખુલ્લા પાત્રોમાં એબેટ નાખવું, નકામો ભંગાર ટાયરોનો નિકાલ, જુથચર્ચા, પત્રિકા વહેચીને, સોશિઅલ મીડિયામાં પોસ્ટ મુકીને વગેરે માધ્યમો થકી ૧૬ મે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરેલ તેમજ લોકોને ડેન્ગ્યુ મેલેરીયા ચિકનગુનિયાનાં મચ્છરો આપણા જ ઘરોમાં રહેલ ખુલ્લા ચોખ્ખા પાણીમાં ઈંડા મુકે છે. તેમજ તે જ મચ્છરો આપણને ડેન્ગ્યુ મેલેરીયા જેવી બીમારી આપે છે. માટે લોકોનાં સહકાર અને ભાગીદારથી જ આ રોગોથી બચી શકાશે જેની અપીલ લોકોને આરોગ્યનાં સ્ટાફે કરેલ તેમજ ગ્રામજનોએ પણ સારો સહકાર આપેલ જે આર.એમ.ડાભીએ યાદીમાં જણાવેલ છે.

### રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગ દ્વારા ઉત્કૃષ્ટ આયોજન

# વડિયાની શ્રી સુરગવાળા હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાનો રમત ગમતનો સમરકેમ્પ યોજાયો

## કબડ્ડી, કુસ્તી, આર્ચરી અને ટગ ઓફ વોરની રમતોની તાલીમ અને માર્ગદર્શન અપાયું





વડિયા, તા. ૧૬

રાજયની સરકાર દ્વારા રમત ગમત ક્ષેત્રમાં સ્કૂલ લેવલથી બાળકોમાં રહેલી શકિતઓ પ્રતિભાઓ બહાર લાવવા માટે ખેલે ગુજરાત,ખેલ મહાકુંભ દ્વારા દર વર્ષે રમત ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. રાજયના ખેલાડીઓનું વિવિધ રમતોમાં પ્રદર્શન સુધારવા અને તેમના કૌશલ્યને વધુ ગુણવતા યુકત અને નિપુણ બનાવવા માટે ચાલુ વર્ષમાં સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો માં રહેલી શકિતઓ બહાર લાવીને તેને પોતાની આવડતની રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે માટે તાલીમ આપવા રાજય સરકારના રમત ગમત અને યુવા સંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા રાજયના દરેક તાલુકામાં જુદી જુદી રમતોના કોચિંગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડીયાની શ્રી સુરગવાળા હાઈસ્કૂલમાં આ સમર કેમ્પનું તારીખ ૦૧/૦૫ થી ૧૦/૦૫ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લા રમત વિકાસ અધિકારી પુનમબેનની રાહબરીમા શાળાના વ્યાયામ શિક્ષકો એમ.જી.મોરી તથા ડી.વી.પાદરિયા, કુસ્તીના નેશનલ ખેલાડી પ્રિયાક રાંકએ કુસ્તી, કબડ્ડી, આર્ચરી તથા ટગ ઓફ વોર રમતોની ખેલાડીઓને સતત દસ દિવસ સુધી તાલીમ આપી હતી. શાળાના આચાર્ય ડી.ડી. પાદરિયા અને સ્ટાફ દ્વારા તમામ ખેલાડીઓને ટીશર્ટ, ટોપી અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા અને શાળાના ખેલાડીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ તાલુકા અને જીલ્લાનુ નામ રોશન કરે એવી શાળા પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી. આ કેમ્પના સમાપનમાં તમામ તાલીમાર્થી વિધાર્થીઓને નાસ્તો કરાવી શુભકામના પાઠવી ભવિષ્યમાં વિવિધ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરવાની અને પોતાની કારકિર્દી રમતગમત ક્ષેત્રમાં બનાવવાની અપીલ સાથે શુભકામના અપાઈ હતી.

### જીવાણી, કાબરીયા અને ઉપાધ્યાય પરિવાર મદદે આવ્યો

# અમરેલીના સારહિ તપોવન આશ્રમને જુદા–જુદા પરિવાર દ્વારા આર્થિક સહયોગ

## સેવાયજ્ઞમાં સૌ કોઇ દાનરૂપી આહુતી આપી રહ્યા છે



અમરેલી, તા. ૧૬

સારહીના સેવા યજ્ઞમાં લોકો દિલથી દાનનો પ્રવાહ વહેડાવી યથાશકિત સંસ્થાના સેવાકાર્યમા આર્થીક યોગદાન આપી રહેલ છે. જેમાં રૂા. ૨૧,૧૧૧/– સ્વ.મગનભાઈ જીવાણીના સ્મરણાર્થે રોહિતભાઈ જીવાણી તરફથી સંસ્થાને દાન અપર્ણ કરવામા આવેલ છે. તે રીતે રૂા.૧૧,૦૦૦/– સ્વ.જનકભાઈ કાબરીયાની દ્વિતિય પૂણ્યતિથી નીમીતે પુત્ર ધ્રુપલભાઈ કાબરીયા તરફથી સંસ્થાને અર્પણ કરવામા આવેલ છે.

તદ્ઉપરાંત અમરેલી જીલ્લા યુવા ભાજપ મહામંત્રી મૌલીકભાઈ ઉપાધ્યાયના પુત્ર અંશના જન્મ દિવસ અવસરે રૂા. ૫,૧૦૦/–ની શુભેચ્છા ભેટ અર્પણ કરવામા આવેલ છે. આમ કુલ રકમ રૂા.૩૭,૨૧૧/–નું દાન સારહી તપોવન આશ્રમને આપવામા આવેલ. આ તકે સારહીના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી, ચંદુભાઈ રામાણી, રાજેશભાઈ માંગરોળીયા, ધવલભાઈ કાબરીયા, હરિભાઈ કાબરીયા, જતીનભાઈ સાવલીયા, હિતેષભાઈ વ્યાસ, રીતેષભાઈ સોની, રોહિતભાઈ જીવાણી સહિતના દાતાઓ અને સંસ્થા અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. તેમ સારહી તપોવન આશ્રમની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

# લીલીયા પોલીસ સ્ટેશનનું ઈન્સપેકશન અને ગોઢાવદર ખાતે લોકદરબાર યોજતા એસપી



લીલીયા મોટાના ગોઢાવદર ગામે એસપી હિમકરસિંહના અધ્યક્ષ સ્થાને લોક દરબાર તેમજ કમાન્ડ કંટ્રોલરૂમનું ઉદઘાટન કરવામાં આવ્યું. જેમાં એ.એમ.પી.આર. ઉચ્ચ કવોલિટીના ૬૦ સીસીટીવી કેમેરા ગામના દાતાઓ અને નાગરિકો દ્વારા લગાવવા માં આવેલ અને ગામને સુરક્ષિત કરવામાં આવેલ આવી સુંદર કામગીરીની એસ.પી. દ્વારા સરાહના કરવામાં આવેલ વધુમાં એસ.પી. હિમકરસિંહ દ્વારા લોકદરબારના માધ્યમથી લોકોને લોભ લાલચ વાળી જાહેરાતોથી અને સાઈબર ક્રાઈમથી બચવા તેમજ ગામ રક્ષા માટે સીસીટીવી કેમેરા લગાવવા અપીલ કરાઈ.આ તકે એસ. પી. તેમજ ડીવાયએસપી ભંડેરીનું ગામના લોકો તેમજ અમરેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઇ ડાભી, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પરીન સોની તેમજ ગોઢાવદર ગામના સરપંચ શૈલેષભાઈ ગજેરા દ્વારા સાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ. આ તકે ગોઢાવદર ગામના આગેવાનો રોનક ગજેરા, સુરેશભાઈ ધનસુખભાઈ નારોલા, ભરતભાઈ વિંઝુડા, સુરેશભાઈ ગજેરા, વિપુલભાઈ, વિજય ગજેરા, સહિતના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ ત્યાર બાદ લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે ૨૦૨૩ વાર્ષિક ઈન્સ્પેકશન તેમજ ચકાસણી નોંધ એસ. પી. હિમકરસિંહ દ્વારા કરવામાં આવેલ તેમજ લીલીયા પોલીસ સ્ટેશન ખાતે સરપંચ જીવનભાઈ વોરાના સૌજન્યથી બનાવવામાં આવેલ ઈનવે હોલનું વિધિવત રીતે લોકાર્પણ કરવા માં આવેલ અને પોલીસ દરબાર વિગેરે કાર્યક્રમો યોજવામાં આવેલ. આ તકે ડીવાયએસપી જગદીશ ભંડેરી લીલીયા પીએસઆઈ એસ.આર. ગોહિલ, પી.એસ.આઈ. એમ ડી ગોહિલ સહિતના પોલીસ કર્મી ઓ ઉપસ્થિત રહેલ.

# અમરેલી : કવિ રમેશ પારેખની પૂણ્યતિથિ પૂર્વે ''સોનપરી આવે છાનકડી'' નામે સ્મરણાંજલિ ભાવમય સંપન્ન











અમરેલીના લાડલા કવિ, ગુજરાતી ભાષના દિગ્ગજ સર્જક રમેશ પારેખની પૂણ્યતિથિ પૂર્વે તા. ૧૪/૫/૨૦૨૩ને રવિવારનાં રોજ અમરેલી નગરમાં ''સોનપરી આવે છાનકડી'' શિર્ષક તળે સંવાદ તથા ગદ્યસાહિત્ય સભા અમરેલીનાં સંયુકત ઉપક્રમે આયોજન કરવામાં આવેલ. આ ઉપક્રમને વિશેષ એ હતો કે રમેશ પારેખનું બાલ સાહિત્યમાં ગૌરવશાળી પ્રદાન છે તે બાલગીતો–વાર્તાઓને કેન્દ્રમાં રાખી સ્મરણાંજલિ અર્પણ કરવી. પ્રારંભે સંવાદનમા સંયોજક પરેશ મહેતાએ શાબ્દિક સ્વાગત પૂર્વભૂમિકા રજૂ કરી. શ્રી અરવિંદ, માતાજીને પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવી બાદમાં અમરેલી નગરની પ્રસિધ્ધ બાળ કલાકાર ગાયિકા કુ. ઝીલ જોષી દ્વારા પ્રાર્થનાથી સ્વરયુકત કરવામાં આવ્યાં. સુપ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી વાસુદેવ સોઢાએ બાલવાર્તા વિશે આસ્વાદક ફસમજ આપતી વાત કરી તેમજ ર.પા.ની બાલવાર્તાનું કથન તેમથી આગવી શૈલીસમાં અભિનય સહ કરેલ. આ કાર્યક્રમમાં ભાવનગરથી ખાસ ઉપસ્થિત શિક્ષણવિદ્, બાલ સાહિત્યકાર મહાવીરસિંહ ગોહિલ(બાલાનંદી બાપુ)એ ર.પા.નાં બાલગીતો અભિનય સહ નાચતા–ગાતા મસ્તીભરી રીતે રજૂ કર્યા હતા. હાજર સૌ ભાવિકો પણ સાથે ઝૂમી ઉઠયા. નિર્દોષ નાચ–ગાન દ્વારા અનોખું ભાવમય વાતાવરણ નિર્માણ થયું. ર.પા.ની દિવ્યચેતનાને અનોખી શ્રદ્ધાંજલી અર્પિત થઈ. સંગીતકાર–ગાયક અમરેલીનાં ભરતભાઈ અગ્રાવતએ સંગીતનિયોજન બાલગીતો ગાઈને મજા કરાવી. તેમજ મનીષાબેન પરમાર દ્વારા પણ અભિનંદન સહ બાલગીત રજૂ થયાં. આ તકે ધારીનાં ડો. દુર્ગાબેન જોષએ ર.પા.ની કવિતા વિશે પ્રાસંગિક વાત કરી. સુપ્રસિધ્ધ કવિ અને ર.પા.નાં મિત્ર હર્ષદ ચંદારાણાની ખાસ ભાવમય હાજરી હતી. બાલસાહિત્યની વાત દ્વારા અંજલિ આપવાનાં ઉપક્રમ પ્રત્યે આનંદ વ્યકત કર્યો. જાણીને સાહિત્યકાર રવજીભાઈ કાચાએ પણ લાગણી વ્યકત કરી. યુવા કોલ્મીસ્ટ, લેખિકા નીધિ મહેતાએ આવા સુંદર મજાના ભાવવાદી, ગરીમાપૂર્ણ કાર્યક્રમના સાક્ષી બનવા બદલ આનંદસહ પ્રતિભાવ આપેલ. આ ઉપક્રમે વરિષ્ઠ સાહિત્યકાર ઉમેશભાઈ જોષી સહિત સ્વાતિબેન જોષી, ડો. કેતન કાનપરિયા, પંકજભાઈ જોષી, ઉદયભાઈ દેસાઈ, કેતન જોષીએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સર્વો નવીન જોષી, ભરતભાઈ ઉપાધ્યાય, કનુભાઈ લિંબાસીયા, યોગેશ ભટ્ટ, નીધિ મહેતા, અર્જુન ગઢિયા, અશોકભાઈ જોષી, ધર્મેન્દ્ર જોષી, નિલેશ મિઠાણી, માલતીબેન પંડયા, જીતુભાઈ જોટાસણા, રજનીદાદા ભટ્ટ, ગઢવીભાઈ એડવોકેટ, નિયતિ મહેતા, ક્રિષ્ના મહેતા, અમીત માવદીયા, હર્ષદભાઈ જોષી, બાલભાવિકો સહિત હાજર રહી સ્મરણાંજલિ અર્પણમાં સામેલ થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરેશભાઈ મહેતાએ કરેલ.

## અવસાન નોંધ



**અમરેલી :** ઉપલેટા નિવાસી હાલ અમરેલી અમારા પૂજય પિતાજીશ્રી ફૂલસુખગિરિ સવાઈગિરિ ગોસ્વામી (ઉ.વ.૭૭) તા. ૧૪/૫/૨૩ ને રવિવારના રોજ કૈલાસવાસ પામ્યા છે. તેઓ ભાવનાબેનના પતિ, નયનાબેન (અમરેલી), રવિન્દ્રગીરી (ઉપલેટા) અને સ્વ. અનીલાબેન(કેશોદ)ના મોટા ભાઈ, દુષ્યંતગિરિ (બરોડા), શીતલબેન નીલેશપુરી (રાજકોટ), પારૂલબેન નરેન્દ્રગિરિ (સેલવાસ), નીપાબેન ભાવેશભારથી (રાજકોટ), નીશાંકગિરિ (અમરેલી) ના પિતાશ્રી, સિમ્પલબેન અને ધર્મિષ્ઠાબેન ના સસરાજી, સદગત નું બેસણું તા.૧૮/૦૫/૨૦૨૩ ને ગુઢવાર રોજ સાંજના ૫ થી ૭ અમારા નિવાસ સ્થાને વૃંદાવન પાર્ક –૩, અક્ષરવાડી પાસે, લાઠી રોડ, અમરેલી રાખેલ છે..

**વડિયા :** (રામાનંદી સાધુ) સ્વ.શ્રી મોહનદાસ કરશનદાસ અગ્રાવતનાં ધર્મપત્નિ શાંતાબેન (ઉ.વ.૧૦૨) તા.૧૫/૫/૨૦૨૩ ને સોમવારનાં રોજ રામચરણ પામેલ છે. તે આણંદરામભાઈ, લક્ષ્મણદાસ, મનસુખભાઈ, જયંતિભાઈ, જનકભાઈ, નવીનભાઈ (રાભડા) ભગવતીબેન પ્રવિણદાસ દેવમુરારી, (દામનગર)નાં માતૃશ્રી થાય છે. તેમજ શૈલેષભાઈ મનસુખભાઈ (જેતપુર), નિલેષભાઈ આણંદરામભાઈ (વડિયા) પરેશભાઈ લક્ષ્મણદાસ (પીજીવીસીએલ–પાલીતાણા) તથા ભાણેજ બ્રિજેશભાઈ પ્રવિણદાસ દેવમુરારી (દામનગર)ના દાદીમાં થાય છે. તેમનું બેસણું તા.૧૯/૫/૨૦૨૩ને શુક્રવારનાં રોજ વડિયા મુકામે રાખેલ છે.

**ધારી :** મનસુખલાલ કેશવલાલ ત્રિવેદી (ઉ.વ. ૯૧) રહે. વિસાવદરવાળા તે છેલશંકર કેશવલાલ ત્રિવેદી(બગસરા)નાં મોટાભાઈ તથા પરેશભાઈ મનસુખલાલ ત્રિવેદી(બેલીફ વિસાવદર કોર્ટ) તથા મમતાબેન મુકેશભાઈ ત્રિવેદી(ઢસા)નાં પિતાશ્રીનું તા. ૧૪/૫/૨૩નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૮/૫/૨૩નાં રોજ શ્યામવાડી, સ્ટેશન પ્લોટ, ધારી ખાતે સમય ૪:૦૦ થી ૬:૦૦ રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૪૧૮ |
| ૨ | શિંગ મોટી | ૮૨૦ | ૧૪૬૩ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૧૫ | ૧૭૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૦૫૧ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૨૮૨૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૮૦ | ૨૯૦૪ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૪૭૦ |
| ૯ | જુવાર | ૩૩૩ | ૭૩૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૫૦ | ૬૧૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૬૨ |
| ૧૨ | મગ | ૯૯૯ | ૧૮૧૮ |
| ૧૩ | ચણા | ૭૩૫ | ૯૫૯ |
| ૧૪ | ચણા દેશી | ૮૭૦ | ૧૧૮૨ |
| ૧૫ | તુવેર | ૧૦૦૫ | ૧૬૨૫ |
| ૧૬ | વાલ | ૨૨૨૩ | ૨૨૨૩ |
| ૧૭ | કપાસ | ૧૦૩૫ | ૧૫૫૯ |
| ૧૮ | એરંડા | ૧૦૦૧ | ૧૧૩૧ |
| ૧૯ | જીરૂ | ૨૨૦૦ | ૮૦૦૦ |
| ૨૦ | રાયડો | ૯૩૦ | ૯૩૧ |
| ૨૧ | રાય | ૮૫૦ | ૧૦૭૫ |
| ૨૨ | ધાણા | ૧૦૫૮ | ૧૩૪૫ |
| ૨૩ | ધાણી | ૧૦૧૨ | ૧૪૬૬ |
| ૨૪ | મેથી | ૮૦૫ | ૧૧૪૨ |
| ૨૫ | સોયાબીન | ૯૧૩ | ૯૮૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં ખુલ્લેઆમ ગૌચરમાંથી**

અને આ સમયેની પોલીસ વિભાગનાં નેત્રમ સીસીટીવી કેમેરામાં વાહનોની હલન ચલન છેલ્લા પાંચથી છ દિવસથી કેદ થયેલ છે અને તપાસ માટે ગયેલ સબંધિતોએ રાજકીય ઈસમોને છાવરવા માટે આ વાહનોને કોઈપણ જાતના દંડ કે કાર્યવાહી વગર છોડી દીધાનું ધ્યાને આવેલ છે. અને રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન કરનાર ઈસમોને બચાવવામાં આવેલ છે. તેમજ આ અગાઉ પણ ગૌચરની આ જમીન ઉપર સાંસદ નિવાસ સ્થાનવાળા બંગલામાં સરકારી ગૌચરની જમીનમાં ગેરકાયદેસર બગીચો તેના બંગલામાંથી પ્રવેશી શકાય તેવું દબાણ ઉભુ કરેલ જે ગુજરાત હાઈકોર્ટના ઓરલ ઓર્ડ તા. ૨૯/૬/૨૦નાં છતા પણ માત્ર કાગળ ઉપર દબાણ દૂર થયાનું બતાવી બચાવતા રહેલ છે જે બાબતે કોર્ટના આદેશની અવગણના કરવામાં આવે છે. તેમજ ગઈકાલે મારી લેખીત વિગત સાથેની માહિતી આપને આપવા છતાં જવાબદારોની સાથે તપાસનાં કામે ગયેલ અધિકારીઓએ આ ગૌચરની જમીનમાં માટી ચોરી થયેલ ખાડામાં ઠંડા પીતાની લહેજત માણી વાહનો રોકટોક વગર જવા દીધેલ છે. જે સુપ્રિમ કોર્ટના બધા રાજયોને લાગુ ગૌચરની સુરક્ષા અને જાળવણીની જવાબદારી જિલ્લા ગૌચર સમિતિનાં અધ્યક્ષ તરીકે આપની જવાબદારીમાં છે. તો પણ આવા સુપ્રિમ કોર્ટના આદેશો, ગુજરાત હાઈકોર્ટના આદેશો છતાં ગઈકાલ લાખોની માટી ચોરી કરનારને તમારા આદેશ છતાં મુકિત આપેલ હોય જેથી આર્થિક અથવા રાજકીય સેટીંગથી આ હકીકત બની હોવાનું સ્પષ્ટ જણાય છે જે અતિ ગંભીર બાબત છે. તાત્કાલીક કાર્યવાહી કરવામાં નહી આવે તો તમામ જવાબદારો સામે સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટનાં આદેશોનું પાલન ન કરનાર સામે કન્ટેમ્પ દાખલ કરીશ તેમ અંતમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૨ | ૧૫૧૫ |
| ૨ | ચણા | ૯૫૩ | ૯૫૬ |
| ૩ | જુવાર | ૬૯૧ | ૮૩૧ |
| ૪ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૫ | તલ | ૨૬૭૬ | ૨૬૭૬ |
| ૬ | મગ | ૧૪૦૦ | ૧૫૯૦ |
| ૭ | તુવેર | ૧૧૫૦ | ૧૩૩૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૨૭૧ | ૧૫૭૦ |
| ૨ | શીંગ જીણી | ૧૨૦૧ | ૧૪૦૭ |
| ૩ | શીંગ મોટી | ૧૧૬૧ | ૧૫૦૩ |
| ૪ | તલ સફેદ | ૨૩૫૧ | ૩૦૦૦ |
| ૫ | તલ કાળા | ૨૬૫૧ | ૨૭૫૧ |
| ૬ | જીરૂ | ૮૫૦૦ | ૮૮૦૦ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૪૪૫ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૮૬૦ |
| ૧૨ | મકાઈ | ૩૫૦ | – |
| ૧૩ | મગ | ૧૭૦૦ | ૧૮૩૧ |
| ૧૪ | ચણા સફેદ | – | ૧૨૦૦ |
| ૧૫ | ચણા | ૮૭૦ | ૯૬૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| ૧૭ | તુવેર | ૧૪૧૧ | ૧૬૬૦ |
| ૧૮ | એરંડી | ૧૦૭૯ | ૧૧૬૯ |
| ૧૯ | મેથી | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨૧ | સોયાબીન | ૯૫૦ | ૯૮૨ |

પાના ૧ ઉપરનું ચાલું **કપાસનો ભાવ પ્રતિ મણ ૨ હજાર કરો**

સ્ત્રોત પણ ખેતી જ હોય. પણ ખેડૂતોની આવક બમણી થાય તેવા અનેક પ્રયાસો કરી રહ્યા છો પરંતુ હાલમાં કપાસનો ભાવ ફકત રૂા. ૧૫૦૦થી ૧૬૦૦ની વચ્ચે ખેડૂતોને મળી રહ્યો છે. જેમાંથી ફકત મજૂરી ખર્ચ અને દવા–બિયારણ અને ખાતરનો ખર્ચ ખેડૂતોને મળી રહ્યો છે તો ખેડૂતો પ્રત્યે દયાભાવ અને લાગણી રાખી કપાસનાં ટેકાના ભાવ રૂ મણ (૨૦ કિલો)નો ભાવ ૨૦૦૦ રૂપિયા કરવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ધારીનાં વીરપુર તથા ઈંગોરાળા**

બે ૧૦૮ની ટીમ સાવરકુંડલાથી આ ઘટના સ્થળે જવા રવાના થઈ હતી. ઘટના સ્થળ પર જઈને તપાસ કરતા જાણવા મળ્યું કે કુલ ૧૩ થી ૧૫ જેટલા લોકોને નાની– મોટી ઈજાઓ થઈ હોય જેથી સ્થળ પર ૧૦૮ના કર્મચારીઓ દ્વારા ઈજાગ્રસ્તોને સામાન્ય તપાસ કરી તુરંત એમ્બ્યુલન્સમાં લેવામાં આવ્યા અને ત્રણેય ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્તોને રસ્તામાં સારવાર આપવામાં આવી અને ધારી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે સ્થાનિક લોકો દ્વારા ૧૦૮ની ઝડપી અને સમયસર ૧૦૮ની સેવા મળી જતા જાનહાની અટકી હતી અને આવી સરાહનીય કામગીરી માટે ૧૦૮ એમ્બ્યુલન્સની પ્રશંસા કરવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું **લાઠી બાયપાસ રોડ ઉપર**

લાખાણી ગઈકાલે મોડી રાત્રીનાં સમયે અમરેલી નજીક આવેલ લાઠી બાયપાસ ચોકડી પાસે જાહેરમાં પોતાના મોબાઈલ ફોનમાં રૂપિયા ૪૯૦૦૦ ઓનલાઈન આઈડીમાં બેલેન્સ રાખી અને ગુજરાત ટાઈટન્સ વિરૂધ્ધ સનરાઈઝ વચ્ચે રમાતી આઈપીએલ મેચ ઉપર ક્રિકેટનો સટ્ટો રમતાં હોય ત્યારે અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતા આ ત્રણેય ઈસમોને મોબાઈલ ફોન ૩, કિ.રૂા. ૩૦,૦૦૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જયારે અમરેલીમાં રહેતા સાજીદભાઈ કચરા નામના ઈસમ હાજર નહી મળી આવતા પોલીસે તેમની પણ શોધખોળ આદરી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૦ | ૧૪૯૦ |
| ૨ | મગફળી | ૧૨૫૦ | ૧૩૫૫ |
| ૩ | ઘઉં | ૪૦૩ | ૪૫૦ |
| ૪ | ચણા | ૮૪૭ | ૯૦૬ |
| ૫ | તુવેર | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૬ | તલ | ૨૫૫૦ | ૨૭૩૫ |
| ૭ | બાજરો | ૪૪૨ | ૪૪૨ |
| ૮ | શીંગ ફાડા | ૧૫૫૫ | ૧૬૩૧ |
| ૯ | ધાણા | ૯૩૧ | ૧૧૪૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૨૩ |
| ૨ | ધાણા | ૧૦૪૦ | ૧૨૧૭ |
| ૩ | ચણા | ૬૫૧ | ૯૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૩૮૬ | ૪૫૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૫૦ |
| ૬ | તુવેર | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૭ | સોયાબીન | ૯૭૨ | ૯૭૨ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૮૮ | ૧૭૦૫ |
| ૯ | મગફળી | ૧૨૭૨ | ૧૩૭૯ |
| ૧૦ | શીંગ દાણા | ૧૬૭૫ | ૨૧૯૦ |
| ૧૧ | એરંડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૨ | સફેદ તલ | ૨૭૩૦ | ૨૭૯૩ |
| ૧૩ | રાય | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૧૪ | બાજરો | ૪૪૪ | ૪૪૪ |
| ૧૫ | જુવાર | ૭૩૦ | ૭૩૦ |

## સાવરકુંડલા મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલકની જગ્યા માટે અરજી કરવી

અમરેલી તા. ૧૬

સાવરકુંડલા તાલુકાની પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલકની આવશ્યકતા છે. આ ખાલી જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી છે.

સાવરકુંડલા તાલુકાના બ્રાંચ શાળા નં.૪ સાવરકુંડલા, બ્રાંચ શાળા નં.૮, સીમશાળા અમૃતવેલ, અમૃતવેલ પ્રાથમિક શાળા, કેરાળા પ્રાથમિક શાળા, ગોરડકા પરા પ્રાથમિક શાળા, ચીખલી પ્રાથમિક શાળા, ડેડકડી, ધાર, પિયાવા, ફાચરિયા, શાંતિનગર, સાકરપરા અને સૂરજવડી પ્રાથમિક શાળામાં સંચાલકની જગ્યા ખાલી છે. ધો.૧૦ પાસ કે તેથી વધુની શૈક્ષણિક લાયકાત (તે જ ગામની વ્યકિત હોવી જોઈએ, જે દર્શાવવામાં આવ્યું છે.) ધરાવતા ઉપરાંત જો આવી વ્યકિત ન મળે તો ધો.૭ પાસ કરનાર અન્ય વ્યકિતને પણ સંચાલકની જગ્યાએ નિમણુક આપી શકાશે. આ ઉપરાંત ૨૦ થી ૬૦ વર્ષની ઉંમર ધરાવતા અરજીકર્તાઓ નિયત નમૂનામાં મામલતદાર કચેરી, સાવરકુંડલા ખાતે જાહેર રજાના દિવસો સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન મધ્યાહન ભોજન શાખા ખાતેથી તા.૨૫ મે,૨૦૨૩ સુધીમાં અરજી કરી શકશે. સરકારના નિયમ મુજબ માનદ વેતન આપવામાં આવશે. અરજીફોર્મ મામલતદાર કચેરી,સાવરકુંડલા ખાતેથી તા. ૨૩ મે,૨૦૨૩ સુધીમાં મેળવી શકાશે. આ અરજી ફોર્મ આધાર સાથે વિગતે ભરી અને કચેરીએ પહોંચાડવાનું રહેશે તેમ મામલતદાર સાવરકુંડલાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું **ખાખબાઈ ગામે વૃધ્ધાને માર મારી**

લૂંટ ચલાવી લૂંટારૂઓ બાજુમાં રહેતા વિનુભાઈ બોઘાભાઈ કાતરીયાનાં મકાનમાં પ્રવેશ કરી તેમના ઘરમાં પણ તિજોરી તથા પેટીનાં તાળા તોડી તેમાં રહેલ રોકડ રૂપિયા તથા દાગીનાની ચોરી કરી ભાગી ગયેલ હોવાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.


સંકુલ MBA - MCA - બી.ફાર્મ - એમ.ફાર્મ - B.Ed. પ્રવેશ
સંકુલ PG-DMLT - ઈન્ટીગ્રેટેડ MBA - M.Sc. કેમેસ્ટ્રી પ્રવેશ
* PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ
* ઈન્ટીગ્રેટેડ MBA - 5 વર્ષનો GTU કોર્સ – ધો. ૧૨ કોમર્સ ને સીધો પ્રવેશ
* M.Sc. કેમેસ્ટ્રી – M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી
* GPSC – સ્પર્ધાત્મક પરિક્ષા – ડેઈલી બન્ને શીફટ નિ:શુલ્ક કલાસ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી * ફોન:[illegible] Ad027


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૫ | ૧૫૬૫ |
| ૨ | મગફળી | ૧૨૭૦ | ૧૩૬૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૩૫ | ૨૭૬૫ |
| ૪ | ઘઉં | ૩૮૫ | ૫૨૫ |
| ૫ | ચણા | ૮૮૯ | ૯૧૧ |
| ૬ | ધાણા | ૧૧૧૦ | ૧૧૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૪૧૧ | ૪૯૫ |
| ૨ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૭૦ |
| ૩ | મગ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૪ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૫ | ચણા | ૭૫૦ | ૯૩૦ |
| ૬ | મેથી | ૮૦૦ | ૧૧૦૧ |
| ૭ | શીંગ | ૧૨૨૫ | ૧૪૦૭ |
| ૮ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૭૧ |
| ૯ | તલ કાળા | ૨૭૦૦ | ૨૯૨૫ |
| ૧૦ | કપાસ | ૧૧૦૦ | ૧૫૨૫ |

### ગજેરા ચેરિ.ટ્રસ્ટ શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા

## અમરેલી : લક્ષ્મી ડાયમંડનાં ૫૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ધારી ખાતે નિદાન કેમ્પ યોજાયો

### સ્થાનિક કક્ષાએ ભોજલરામ મિત્ર મંડળે કર્યો સહયોગ



અમરેલી, તા.૧૬

અમરેલીનાં લક્ષ્મી ડાયમંડ પ્રા.લિ. ના ૫૧માં વર્ષમાં મંગલ પ્રવેશ તથા શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટનાં સેવાયજ્ઞનાં ૩૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતેને પટેલવાડી, નર્સરી રોડ, ધારી મુકામે, 'સર્વરોગ નિઃશુલ્ક નિદાન અને સારવાર અને બ્લડ ડોનેશન કેમ્પનું' આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમને દીપ પ્રાગટય કીર વસંતભાઈ ગજેરા અને ડો.જસાણી દ્વારા ઉદ્વાટન કીર ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

કેમ્પમાં ડો.ગોંડલિયા ડો.વાડદોરીયા, નલીનભાઈ કોટડીયા, વિનુભાઈ કાથરોટીયા, અશ્વિનભાઈ કુંજડીયા, અતુલભાઈ કાનાણી, તેમજ અન્ય આગેવાનોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. કેમ્પમાં હૃદય રોગ, ડાયાબીટીસ, બીપી, ફેફસાનાં રોગ, શ્વાસ, દમ, સ્ત્રીરોગ, બાળરોગ, માનસિક રોગ, હાડકાનાં રોગ, ચામડીનાં રોગ, દાંત વગેરે રોગોનાં નિષ્ણાંત અને નામાંકિત તબીબો દ્વારા નિદાન કરવામાં આવેલ. કેમ્પમાં દવા તથા સારવાર નિઃશુલ્ક કરી આપવામાં આવેલ. જરૂર જણાયે ઓપરેશન પણ નિઃશુલ્ક કરી આપવામાં આવશે. અને દરિદ્રનારાયણ માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. અને સાથે બ્લડ ડોનેશન કેમ્પ પણ રાખવામાં આવેલ હતો. આ કેમ્પમાં ડો.હિમપરીખ, ડો.વાળા, ટીમ મેનેજમેન્ટ દિનેશભાઈ કાપડીયા, ભરતભાઈ ધડુક, જયદીપભાઈ ધાનાણી, અતુલભાઈ પડસાળા, દેવેન્દ્રભાઈ ભુતનો સહકાર મળેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા ભોજલરામ મિત્ર મંડળ, ધારીની ટીમ કસવાળા પ્રવિણભાઈ, વસ્તાણી મનસુખભાઈ, ભુવા, નારણભાઈ સતાસિયા, સોજીત્રા દિનેશભાઈ, મનસુખભાઈ રામાણી, સુરેશભાઈ સભાયા, વિજયભાઈ કોરાટ, નૈમીશભાઈ વિરડીયા, સુરેશભાઈ અંટાળા, આશિષભાઈ તેજાણી, વિપુલભાઈ તેજાણી, સી.બી.સોરઠીયા, સંજયભાઈ આંસોદરીયા, હિતેશભાઈ સભાયા, કમલેશ સાવલિયા, હસમુખભાઈ સાવલિયા, યજ્ઞેશ શિંગાળા, હાર્દિકભાઈ દેસાઈ વગેરેએ જહેમત ઉઠાવેલ.

## અમરેલી : ડો. કલામ ઈનોવેટીવ સ્કૂલ ઈન્ડિયાસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામી



અમરેલી, તા. ૧૬, અમરેલીની ડો. કલામ ઈનોવેટીવ સ્કૂલ હંમેશા કંઈક નવું કરવા માટે અને કલામની વિચારધારા માટે જાણીતી છે. ત્યારે કલામ કેમ્પસના વિદ્યાર્થીઓ ડ્રોન અને રોબોટસ જાતે બનાવી રહ્યા છે. વૈજ્ઞાનીકો સાથે કામ કરી રહ્યા છે કલામ કેમ્પસના બાળકો અમરેલીથી અમેરિકા નાસા સુધી પહોચ્યા છે ત્યારે આ શાળાની સિદ્ધિઓમાં વધુ એક યશ કલગીનો ઉમેરો થયો છે. કલામ કેમ્પસના ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ૨૦૦૦ કરતા વધારે મિસાઈલ બનાવી અને દેશના વૈજ્ઞાનિક જેઓ મિસાઈલમેન તરીકે જાણીતા છે. તેવા ભારતરત્ન ડો. કલામને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ મિસાઈલ બાળકોએ જાતે બનાવી અને તેઓ કલામને વ્યકિતગત મળ્યા હોત તો તે જે પ્રકારનો સવાલ પૂછવાની ઈચ્છા ધરાવતા હોય તે સવાલ આ મિસાઈલ સાથે જોડી દીધેલો અને તેમણે વિશ્વાસ વ્યકત કરેલો કે જયારે તે સવાલનો જવાબ કોઈ વ્યકિત પાસેથી મળશે તો તે જવાબ કલામના પ્રતિનિધી સ્વરૂપે કોઈ પાસેથી મળ્યો છે. તેવો આશાવાદ વ્યકત કરવામાં આવ્યો હતો. આમ ભારતરત્ન ડો. કલામને કલામ કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા તેમની સર્જનાત્મકતાથી તૈયાર કરવામાં આવેલી મિસાઈલ એ આજ સુધીમાં કયારેય ના અપાયેલી અને અનોખી શ્રદ્ધાંજલિ છે. ત્યારે આ અનોખી શ્રદ્ધાંજલિને India's book of world recordમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આ અનોખી શ્રદ્ધાંજલિ માટે કલામ કેમ્પસના વાલીઓ, વીદ્યાર્થીઓ અને શિક્ષકોના સમૂહ પ્રયત્નથી આ શકય બન્યું છે. ત્યારે શાળા પરિવારના ગૌરવની લાગણી અનુભવે છે અને કલામ કેમ્પસના બાળ વૈજ્ઞાનિકો એવા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા ગર્વની લાગણી અનુભવે છે. આમ અમરેલીની ડો. કલામ ઈનોવેટિવ સ્કૂલ એ અમરેલી જિલ્લાની એકમાત્ર શાળા છે જે ઈન્ડિયાસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાંમાં સ્થાન પામી હોય. આમ આ શાળાએ પ્રથમ વર્ષેજ અમરેલીના શિક્ષણ જગતમાં કયાંય અને કયારેય જોવા ના મળ ી હોય તેવી શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી અમરેલીના શિક્ષણ જગતમાં એક નવો જ ઈતિહાસ રચ્યો છે.

## ટીંબી : સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલમાં જૈનાચાર્યનું આસ્થાભેર સ્વાગત



અમરેલી, તા.૧૬

સુપ્રસિધ્ધ તીર્થધામ અયોધ્યાપુરમ (વલ્લભીપુર) શ્રી આદીનાથ ભગવાન મંદિરનાં સ્વપ્નદ્રષ્ટા અને પ્રણેતા કે જેઓએ એક લાખ કિલોમીટરથી વધુ પદયાત્રા કરેલ છે. તેવા પરમ વંદનીય જૈનાચાર્ય જીવનચંદ્રસાગર સુરીશ્વરજી મ.સા. (મહારાજશ્રી હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા.

મહારાજ સવારનાં દસ કલાથી સાંજનાં પાંચ કલાક સુધી હોસ્પિટલનાં વિશ્રાંતિભવનમાં વિશ્રામ કર્યા હતા. બ્ર.પ.પૂ. સદગુરૂદેવનાં સેવાકાર્યથી ખુબ જ પ્રભાવિત મહારાજએ હોસ્પિટલમાં ચાલતા સેવાકાર્યની વિસ્તૃત માહિતી મેળવીને ખુબજ પ્રસન્નતા વ્યકત કરીને આ હોસ્પિટલ દર્દીનારાયણની સેવાસુશ્રૂષામાં નિરંતર સફળતા પ્રાપ્ત કરે તેવા આશીર્વચન પાઠવ્યાં હતા.

તેઓશ્રીનું હોસ્પિટલની ઓફિસમાં વંદન અર્ચનાં કર્યા બાદ હોસ્પિટલનાં મંત્રી બી.એલ.રાજપરા અને ટ્રસ્ટી પરેશભાઈ ડોડીયા દ્વારા સદગુરૂદેવ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં 'જીવન ચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને શુભાશિષ પ્રાપ્ત કર્યા હતા.

## દિલીપ સંઘાણી અને ભૂષણ ડોડીયાએ એકબીજાને જન્મદિનની શુભેચ્છા પાઠવી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેનના પૌત્ર તેમજ નિતેશભાઈ ડોડીયાનો પુત્ર ભૂષણ ડોડીયાનો જન્મદિવસ જોગાનો જોગ તે જ દિવસે દિલીપભાઈ સંઘાણીનો જન્મદિવસ હોવાથી લીલીયા મુકામે બગસરા નાગરિક શરાબી સહકારી મંડળી લીલીયા નુતન બિલ્ડીંગના લોકાર્પણ માટે આવેલ દિલીપભાઈ સંઘાણીએ ભૂષણ ડોડીયાને જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી તેમજ ભૂષણ ડોડીયાએ દિલીપભાઈ સંઘાણીને પુષ્પગુચ્છથી તેમનું સન્માન કરી જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

## અમરેલીનાં નિર્મળાબેન સરવૈયાનું નિધન થતાં સદ્‌ગતનું પરિવારજનોએ દેહદાન કર્યુ



અમરેલી, તા. ૧૬

અમરેલી નિવાસી ભરતભાઈ ભીખાભાઈ સરવૈયાના માતૃશ્રી નિર્મળાબેન સ્વર્ગવાસ થયેલ છે તો તેમની અંતિમ ઈચ્છા હતી કે દેહદાન કરવું અને ભરતભાઈએ અમરેલી શ્રી શાંતાબા મેડિકલ કોલેજમાં નિર્મળાબેનનું દેહ કોલેજમાં દાન કરેલ છે આ ભગીરથ કાર્યમાં સમસ્ત જ્ઞાતિજનો પણ જોડાયેલ હતા.

## અમરેલીનાં વાંકીયા ગામે શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ



અમરેલી, તા.૧૬

અમરેલીનાં વાંકીયા ગામે તાજેતરમાં વસંત સ્વામી પરિવાર દ્વારા શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. વ્યાસપીઠ પરથી ગૌતમબાપુ રામાનંદી દ્વારા કથાનું રસપાન કરવામાં આવી રહયું છે. મોટી સંખ્યામાં ધાર્મિક જ્ઞાનયજ્ઞનો લાભ લઈ રહયા છે.

## સા.કુંડલા : રામેશ્વર મહાદેવ મંદિરનો પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાં આસોપાલવ સોસાયટી સ્થિત રામેશ્વર મહાદેવ મંદિરના જીર્ણોદ્ધાર નૂતન દેવાલય સંદર્ભે તારીખ ૧૩ થી ૧૫ સુધી ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના મહંત શ્રી નટવરગીરી બાપુ તેમજ શ્રી રામેશ્વર યુવક મંડળ દ્વારા આયોજિત આ ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં તારીખ ૧૩ના રોજ બપોરે ૨:૩૦ થી ૫:૩૦ વિવિધ ધાર્મિક કાર્યક્રમો જેવા કે દેહશુધ્ધિ પ્રાયશ્ચિત (હેમાદ્રી), ગણેશ પૂજન, સ્થાપિત દેવતા પૂજન, કુટીર હોમ, અગ્નિપૂજન, ગ્રહહોમ, નગરયાત્રા, જલ યાત્રા, સાયં પૂજન, જલાધિવાસ રાત્રે ૯ થી ૧૧ સત્સંગ સંગીત શૈલી દ્વિતીય દિવસ તારીખ ૧૪–૫ રવિવારે સવારે ૮ થી ૧૨:૩૦ બપોર ૨:૩૦ થી ૫:૩૦ પ્રાતઃ પૂજન, અગ્નિ પૂજન, હોમાત્મક લઘુરૂદ્ર, સ્નપન વિધી, તત્વ ન્યાસ, ધાન્યાધીવાસ, સૈયાધીવાસ તેમજ તૃતીય દિવસ તારીખ ૧૫ ના રોજ સવારે ૮ થી ૧૨:૩૦ બપોરે ૨:૩૦ થી ૫:૩૦ પ્રાતઃ પૂજન, અગ્નિપૂજન, શાંતિક પૌષ્ટિક હોમ, મૂર્તિ પ્રતિષ્ઠા બપોરે ૧૨:૧૫ થી ૧:૦૮ સુધીમાં, ઉત્તર પૂજન, પૂર્ણાહુતિ સાંજે ૪:૦૦ કલાકે. ભોજનપ્રસાદ સાંજે ૭:૦૦ વાગ્યે. તારીખ ૧૪–૫ ના રોજ રાત્રે ૯ કલાકે લોકડાયરો યોજાયો. જેમાં ધીરજ બારોટ, સુરેશ મહેતા, રેખાબેન વાળા, વિજયભાઈ મહેતા વગરેએ શ્રોતાજનોના મન ડોલાવ્યા. મુખ્ય પાટલાના યજમાન ધાધલ ચંપુભાઈ શેલાર ભાઈ તથા બોરીસાગર કિશોરભાઈ કનુભાઈને લાભ મળ્યો હતો. યજ્ઞના આચાર્ય તરીકે જતીન બી. પંડયાને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે સંતો, મહંતો, રાજકીય સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કવિ રમેશ પારેખની ૧૭મી પૂણ્યતિથિએ સ્નેહ વંદના

## રમેશ પારેખ : સંવેદનોએ ધરેલો માનવદેહ

### એમને માલૂમ નથી કે શું હશે મારી તરસ, આમ નહીં તો ઝાંઝવાનાં જળ ન લલચાવે મને

અત્યંત પ્રિય કવિ રમેશ પારેખ વિશે સળંગ આઠમો આર્ટીકલ લખતી વખતે પહેલા વિશે સળંગ આઠમો આર્ટીકલ લખતી વખતે પહેલા તો એ વિચાર આવયો કે, આ કવિ સંવેદનો અને સંમોહનનો દરિયો છે. તેને કોઈ નિશ્ચિત દાયરામાં કયાં ફીટ કરીને મુલવી શકાય તેમ છે ?! કે કેવી રીતે માપી શકાય તેમ છે ?

આ 'ઓલ ટાઈમ ગ્રેઈટ' – સદાબહાર કવિ વિશે હરિન્દ્ર દવે કહે છે કે :" સાધના પથનાં કોઈ સંગીન મુકામે આ કવિ પર કવિતાની દેવી અનરાધાર રીઝી છે. મા વાગેશ્વરીએ રમેશનાં શબ્દોમાં પોતાનો નિવાસ રાખ્યો છે. રમેશ પારેખનાં પગ ધરતી પર છે. પણ આંખો ધરતી બહારનાં પ્રદેશોને નિહાળે છે. એનાં દ્રશ્યલોકની સરહદ સ્વીનોથી મઢી છે. અને એના સ્વપ્ન લોકની સરહદ આધ્યાત્મિકતામાં લીન થાય છે.

આ રમેશ પારેખની રેન્જ છે !! તેને કોઈ નિશ્ચિત તારીખ સમય, આંકડાઓમાં કે સંખ્યામાં કેદ કરવું કયાં શકય છે. ? એટલે માત્રને માત્ર આ પ્રિય કવિના એક નાનકડા ભાવક તરીકે તેમની શબ્દ સાધનાનો પ્રસાદ સો ગુજરાતી ભાષાનાં, રમેશ પારેખનાં ચાહકોને પીરસવાનો પ્રયત્ન માત્ર કરતો રહું છું.

અગાઉનાં આર્ટીકલ્સમાં કવિ રમેશ પારેખ માર્ગ, કવિ રમેશ પારેખ ધામ વિશે મે લખ્યું છે. આજે આ કવિના જ પોતાનાં ગામ અમરેલીમાં યોજાઈ ગયેલ રમેશ કથા અંગેનાં થોડા સંસ્મરણો વાગોળીએ.

કોઈ સર્જક માટે કયા થાય એવો આ પહેલો જ પ્રસંગ હતો. અને આ વિચાર કવિશ્રી હર્ષદ ચંદારાણા અને પ્રો. ગુણવંતભાઈ વ્યાસને આવ્યો હતો. પછી તો આ કથાને લગતી તમામ પુર્વ તૈયારી કરવામાં આવી. ૨૦૧૩નાં વર્ષનાં શશાંક મહાજન પાર્ટી પ્લોટ અમરેલી



ખાતે આદરણીય ગુણવંતભાઈ વ્યાસે વ્યાસપીઠ ઉપર બીરાજીને ર.પા.ની કવિતાઓ, રચનાઓ, જીવન પ્રસંગો એટલી સુંદરરીતે એકસુત્રતામાં મઢીને રજુ કર્યા કે તમામ શ્રોતાજનો, ભાવકો મંત્રમુગ્ધ થઈ ગયા !! મને પણ પૂ. ગુણવંતભાઈનાં મુખેથી વહેલી રમેશ પારેખ પ્રત્યેનાં ભાવની ભાગીરથીમાં ભીંજાવાની, ધન્ય ધન્ય થવાનો લ્હાવો મળેલો.

જેમનો ગ્રંથ **"છ અક્ષરનું નામ"** હાથીની અંબાળી ઉપર નગરચર્યા– શોભાયાત્રા માટે નીકળે, જેમની કથા થાય અને ભાવકો શ્રધ્ધાપુર્વક, ભાવપુર્વક, રસપુર્વક માણે, આ ર.પા.ની કક્ષા છે. આટલા સમર્થ કવિ વિશે લખવું એ ગજા બહારની વાત છે. એ હું બરાબર સમજું છું. અને એટલે જ દોહરાવું છું. કે માત્ર આ સૌની લાગણીઓની અભિવ્યકિત અને તેનો પડઘો જ છે !!

ગુજરાતી ભાષાનો કોઈ પણ ચાહક જો રમેશ પારેખનું નામ સાંભળીને ઝંકૃત ન થાય તો તેણે પોતાનું 'મેડીકલ ચેક–અપ' કરાવી લેવું અને પોતાનું આંતર મૂલ્યાંકન પણ કરી લેવું કે કયાંક તેની સંવેદનાની ધાર બુઠ્ઠી થવા નથી લાગીને ?!

આ રમેશ પારેખનો 'રોયલ ટચ' છે !! બાકી પુણ્યતિતિએ માત્રને માત્ર આ કવિ ભગવાનનો ભાગ દેવા તેમનાં દરબારમાં રૂબરૂ ગયાની એક તારીખ જ છે.આપણી સાથે, આપણી વચ્ચે રહીને એ આપણો ભાગ પણ કયાં પુરી ખેલદીલીથી શેર નથી કરતા ?!

કાળ સ્વયં જેમનાં પગલા સાંચવે છે. એવો આ સિધ્ધ કવિતા અજર અમર છે.

ર.પા. વિશે જયારે જયારે લખવા બેઠો છું ત્યારે શરીરમાં અને મનોદશામાં એક અજીબ ફેરફાર થતો અનુભવ્યો છે ! જાણે કે પોતે જ બાજુમાં બેસીને માર્ગદર્શન આપી રહયા હોય એવું લાગ્યા કરે.... એવા આ સમર્થ કવિની જ **રમેશાયણ** રચનાથી સમાપન કરૂ તો :

"આઈનાબાજ છે કેવો, અઠંગ
જાણું છું,
રમેશને હું બરોબર સળંગ
જાણું છું.
જમીનદોસ્ત થઈ ગયો છે.
એનો પડછાયો
રમેશ એકલો ખેલે છે. જંગ,
જાણું છુ,
એક ખાબોચિયું ઉબરમાં આવ્યું.
સુકાયું
હતો રમેશને મોટો પ્રસંગ જાણું છું.
રમેશ હોત જો ચોરસ રમેશ
આજે તો
તો એ કયાં જાત બનીને પતંગ
જાણું છું.
રમેશ હોવું, ઉર્ફ હોવું મેશનો જથ્થો
રમેશ યાને ફુટેલી સુરંગ જાણું છું.
તૂટી પડે છે. લીલું કોઈ પાન વૃક્ષેથી
તો આ રમેશ બને છે. અપંગ
જાણું છું.
થઈ રમેશની આંખો તો વૃધ્ધ પણ,
મિત્રો
આંખમાં સ્વીન છે. આજેય
'Young' જાણું છું.

– પ્રણામ ર.પા.



યોગેશ ભટ્ટ
મો.૯૯૨૪૦૧૩૪૬૪–અમરેલી

### સર્વેમાં સમાવિષ્ટ અને 33% કે તેથી વધુ નુકસાની થઈ હોય તો

## કૃષિ રાહત પેકેજ અંતર્ગત સહાયતા મેળવવા પાત્રતા ધરાવતા ખેડૂતોએ ૧૦ દિવસમાં અરજી કરવી

અમરેલી, તા.૧૬

માર્ચ–૨૦૨૩ માસમાં પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલી ખેતી/બાગાયતી પાકના નુકસાની બાબતે જિલ્લા વહીવટી તંત્ર મારફત જે–તે વખતના અખબારી અહેવાલો, પડેલ વરસાદના માપદંડ અને વરસાદની તીવ્રતા, સ્થાનિક તંત્ર મારફત થયેલ પ્રાથમિક રીપોર્ટ વગેરેનાં પ્રમાણભૂત આધારો લઈને ધારી, બગસરા, ખાંભા, લાઠી, સાવરકુંડલા, અમરેલી, કુંકાવાવ, રાજુલા અને જાફરાબાદમાં જિલ્લા વહીવટી તંત્ર મારફત ટેકનીકલ સ્ટાફની સર્વે ટીમોની રચના કરીને સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સર્વેનો રિપોર્ટ રાજય સરકારને સુપ્રત કરાતા અમરેલી જિલ્લામાં રાજય સરકાર દ્વારા આ તમામ તાલુકાઓમાં કૃષિ રાહત પેકેજ–૨૦૨૩ જાહેર કરવામાં આવ્યું છે. આ કૃષિ રાહત પેકેજ–૨૦૨૩ સરકારે ઠરાવેલા ધારાધોરણ મુજબ સર્વેમાં સમાવિષ્ટ હોય અને ૩૩% કે તેથી વધુ નુકશાની ધરાવતા અને ખેતી કે બાગાયતી પાકોની સર્વે યાદીમાં નોંધણી થઈ હોય/ઓળખ થઈ હોય તેવા ખેડૂતો પાત્રતા ધરાવે છે. આ સિવાયના કોઈપણ ખેડૂતો ઉકત પેકેજ માટે પાત્રતા ધરાવતા નથી. આ પેકેજ અંતર્ગત પાત્રતા ધરાવતા ખેડૂતોએ નિયત દસ્તાવેજો, ૮–અ, ૭–૧૨ આધાર કાર્ડ, તલાટી મંત્રીનો પાક વાવેતરનો દાખલો કે પ્રમાણપત્ર અને બેંક પાસબુકની નકલ નિયત કરેલા અરજી ફોર્મ સાથે જોડી સંબધીત ગ્રામસેવકને આપવાના રહેશે. આ અંગે અરજી કરવા માટેની સમયમર્યાદા દિન–૧૦ની રહેશે.

આમ, તમામ પાત્રતા ધરાવતા ખેડૂતોએ પોતાની સાધનીક કાગળો સાથેની અરજી તાત્કાલિક પહોચતી કરવા આથી અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ જાણકારી કે માર્ગદર્શન માટે આપના ગામના ગ્રામસેવક કે વિસ્તરણ અધિકારી (ખેતી) કે તાલુકા નોડલ ઓફીસરનો સંપર્ક કરવાનો રહેશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ચલાલા ખાતે 'દાનેવ મોલ'નો સંતો–મહંતો અને આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રારંભ



ચલાલા શહેરની અને પંથકની શહેરીજનતાને વિશાળ કાન્ટેટી, કવોલીટીમાં લેડી – જેન્ટ અને હેન્ડલુમ કાપડમાં જુદી જુદી વેરાયટી લેવા અન્ય શહેરોમાં જવું ના પડે અને અહી બેઠા વ્યાજબી ભાવથી ખરીદી કરી શકાય તે માટે ચલાલાના અંશા અવતાર દાનમહારાજની જગ્યા વંદનીય મંહત પૂજય વલકુબાપુનાં વરદ હસ્તે સમ્પુર્ણ સુવિધા યુકત દાનેવમોલ નો સંતો – મહંતો અને રાજકીય સામાજીક આગેવાનોની ઉપસ્થિતીમાં મંગલમય પ્રારંભ કરાયો હતો. આ તકે દાનેવ મોલનાં માલીક રી જયરાજભાઈ વાળા, ભાવેશભાઈ સરધારવ, જીતુભાઈ રામાણી દ્વારા ઉપસ્થિત સંતો–મંહતો જેમાં પૂ.વલકુબાપુ, પુ.રતીદાદા, પુ.જીલુબાપુ, પુ. મહીપતબાપુ, પુ. ભાયાબાપુ, પુ. મહાવીરબાપુ, સહીતનાં ઉપસ્થિત સંતો–મહંતોનું ફુલહાર, પુ.દાનમહારાજની પ્રતિમાં અને શાલથી અદકેરૂ સન્માન કરી આશીર્વાદ મેળવીયા હતા. દાનવ મોલનાં માલીક જયરાજભાઈ વાળ ાએ ઉપસ્થિત તમામનું શબ્દોથી સ્વાગત કરેલ હતું. પુજય વલકુબાપુ સહીતનાં સંતો – મહંતો અને રાજકીય આગેવાનોએ રીબીન કાપી મોલમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ પુ. વલકુબાપુએ દિપ પ્રાગટય કરી દાનેવ મોલને વિધીવાન ખુલ્લો મુકયો હતો. પુ. વલકુબાપુ અને પ્ર. રતીદાદાએ ઉપસ્થિત તમામને રૂડા આર્શીવચન પાઠવીયા હતા. અંતમાં તમામ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફ્રેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલટન્ટ ઓર્થોપેડિક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફ્રેકચરની અદ્યતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફ્રેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂા.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
NCT NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## જે પક્ષનાં આગેવાનોએ ગૌ-માતાનાં નામે મત માંગ્યા તે જ પક્ષનાં આગેવાનની મીઠ્ઠી નજર તળે

# અમરેલીમાં ખુલ્લેઆમ ગૌચરમાંથી માટી ચોરીનો આક્ષેપ

**સામાજિક કાર્યકર્તા નાથાલાલ સુખડીયાએ ચોરી થતી હોવાનું જણાવતા તંત્રના અધિકારીઓ પણ સ્થળ પર દોડી ગયા**

**અગાઉ ગૌચરમાં દબાણને છાવરાયું અને બાદમાં ગૌચરમાંથી થતી માટી ચોરી પ્રકરણને પણ દબાવી દેવાયાનો આક્ષેપ**

**કદાવર નેતાનું નામ પડતા જ જવાબદાર વિભાગનાં અધિકારીઓ શરમનાં માર્યા કશું જ કરી શકતા નથી**

**જો તટસ્થ તપાસ ન થાય તો ગુજરાત હાઈકોર્ટમાં જવાની પણ ચીમકી આપવામાં આવી**

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં ચકકરગઢ માર્ગ પર આવેલ ગૌચર જમીન સર્વે નંબર ૩૩૪ પૈકી ૫ ની જમીનમાંથી ખુલ્લેઆમ ગેરકાયદેસર રીતે માટી ચોરી કરનાર શખ્સોને બચાવી લેવાયાનો આક્ષેપ સામાજિક કાર્યકર્તા નાથાલાલ સુખડીયાએ કર્યો છે.

તેઓએ કલકેટરને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, ગઈકાલ તા. ૧૫/૫/૨૦૨૩નાં આપની કચેરી ખાતે રૂબરૂ મળી લેખીત ફોટોગ્રાફ સાથે અમરેલી શહેરની મોજે અમરેલી ગામની ગૌચરની જમીન સર્વે નંબર ૩૩૪/પૈકી ૫ ૧૨-૨૭-૩૭ હે.આરે. ચો.મી. જમીનમાંથી ગેરકાયદેસર અમરેલી-ચકકરગઢ ગામને જોડતા નોન પ્લાન રોડમાં કોન્ટ્રાકટ એજન્સી



દ્વારા કોઈપણ પરમીટ વગર ટાંચ (માટી) જમીનમાંથી ખોદાણ કરી લાખો રૂપિયાની મહામુલી જમીનમાં મસમોટા ખાડા કર્યા છે. ખનન કરેલ જેની મારી રજૂઆતના કામે આપની સુચનાથી જે તે સંબંધિત અધિકારીઓ બે-ત્રણ સરકારી ગાડી લઈને તપાસમાં ગયેલ અને ત્યાં ૪ થી ૫ ટ્રેકટરો જેસીબીથી ખોદાણા કરતા હતા

અનુસંધાન પાના ૬ ઉપર

## આકસ્મિક આગ લાગતા દોડધામ

# અમરેલીના ચિતલ ગામે રહેણાંક મકાનમાં ૬૦ મણ કપાસ સળગી ગયો

**ફાયર ફાઈટર ટીમે આગ પર કાબુ મેળવ્યો**

અમરેલી, તા. ૧૬

અમરેલીના ચિત્તલ ગામ પાસે આવેલા મોણપુર ગામે એક રહેણાંક મકાનમાં સંગ્રહ કરવામાં આવેલા ૬૦૦ મણ કપાસમાં ગઈકાલે રાત્રિના ૧૦:૦૨ કલાકે અચાનક આગ લાગવાની ઘટના બનેલ હતી.

આ બનાવ અંગે ટેલિફોનિક જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમમાં કરવામાં આવતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી અને આગ પર કાબુ મેળવેલ હતો. ફાયર બ્રિગેડની સતર્કતા તેમજ ગામના સરપંચ સહિત લોકોની અગમચેતી



કાર્યપ્રણાલીથી ૬૦૦ મણ કપાસમાંથી માત્રને માત્ર ૬૦ મણ જેટલો કપાસ નુકસાન થવા પામેલ હતું. જયારે બાકીના કપાસને બચાવી લેવામાં આવેલ હતો. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામેલ નથી.

## શહેરનાં રાજમાર્ગોથી લઈને શેરી-ગલીઓમાં પણ સ્ટ્રીટલાઈટ બંધ

# અમરેલી શહેરમાં ૨૦૦ થી ૩૦૦ જેટલી સ્ટ્રીટલાઈટ સતત બંધ : જવાબદાર કોન્ટ્રાકટર કોઈને ગણકારતા નથી

**શહેરીજનોનાં પરસેવાનાં પૈસા મેળવીને સુવિધા આપવામાં ઠાગાઠૈયા**

અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી તમામ સ્ટ્રીટલાઈટ કયારેય શરૂ હોય તેવું જોવા મળતું નથી. છેલ્લાં પાંચ-સાત વર્ષથી સ્ટ્રીટ લાઈટની જાળ વણીનો કોન્ટ્રાકટ અપાયા બાદ પરિસ્થિતિ વધુ વણસી છે. જો એજન્સીને કામ મળેલ છે. તે શહેરીજનો ઉપર ઉપકાર કરતો હોય તે રીતે કામગીરી કરે છે.

શહેરમાં ચિત્તલ રોડ, વરસડા રોડ, સ્ટેશન રોડ, લાયબ્રેરી ચોક, સરદાર સર્કલ સહિતનાં રાજમાર્ગો ઉપર કોઈને કોઈ સ્ટ્રીટલાઈટ હંમેશા બંધ જોવા મળે છે. ચિત્તલ રોડ અને લાઠી રોડ ઉપર બનાવવામાં આવેલ બ્યૂટીફિકેશનની પણ અનેક લાઈટ બંધ જોવા મળે છે. શહેરનાં રહેણાંક વિસ્તારોમાં પણ ગંભીર પરિસ્થિતિ જોવા મળે છે.

પાલિકાનાં શાસકો પણ જાણે છે કે શહેરમાં અનેક સ્ટ્રીટલાઈટ બંધ છે. છતાં પણ તેઓ એજન્સી પાસે તમામ સ્ટ્રીટલાઈટ શરૂ કરાવી શકતા નથી. કારણકે એજન્સીનાં સંચાલકની પહોંચ ગાંધીનગર સુધી હોવાથી તેનો ભોગ શહેરીજનોને બનવુ પડે છે.

આ બાબતે પાલિકાનાં કમિશ્નર કે નાયબ દંડક કૌશિક વેકરિયા દરમિયાનગીરી કરીને સ્ટ્રીટલાઈટનું સંચાલન કરનાર એજન્સીનો કાન આમળીને શહેરની તમામ બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરાવે અને જયાં જરૂર હોય ત્યાં નવી સ્ટ્રીટ લાઈટ ઉભી કરાવે તેવી માંગ શહેરીજનો કરી રહ્યાં છે.

## ગુનાહિત બેદરકારી સામે નારાજગીનો માહોલ

# જાફરાબાદમાં પીજીવીસીએલની પ્રિ.મોન્સુન કામગીરી ટલ્લે ચડી : ફ્યુઝ પેટીઓ ખુલ્લી

**ઉચ્ચ અધિકારીઓ દરમિયાનગીરી કરે તેવી માંગ**




તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદ ખાતે પીજીવીસીએલ દ્વારા થતી પ્રિ મોનસુમ કામગીરી ટલ્લે ચડી ઘણી ખરી જગ્યાએ ટિસી બાજુમાં આવતી ફીયુઝ પેટીઓ ખુલ્લી હોય કાયેદેસર લોકો સામે મોત ઝજમતુ હોય નાના ભુલકાઓ તથા નાગરિકો તથા પશુઓ અવર-જવર કરતા હોય ન છુટકે કોઈ વ્યક્તિ કે બાળકોનો ભોગ લેવાયો તો જવાબદાર કોણ ? ઘણી ખરી ટિસી બાજુમાં સેફટી ગાડ પણ હોતું નથી ત્યાં પણ ખુલ્લું મોત ઝજમતુ હોય કોઈ નાગરિકનો તથા બાળકો તથા પશુઓનો ભોગ લેવાયો તો જવાબદારી કોની ? માટે પીજીવીસીએલ તરફથી આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે કે પછી બેહેરા કાને અવાજ અથડા છે ? અમુક વિસ્તારોમાં રાતના સમયે લાઈટ જતા નાગરિકો દ્વારા કોલ્ડ સેન્ટરમાં ફોન કરતાં બંધ આવે છે. તથા ફોન ઉપાડે તો ઉડાવ જવાબ આપે છે.

દુઃખદ અવસાન/બેસણું



સ્વ. લીલાબેન રાઘવભાઈ ભાદાણી
સ્વ.તા. ૧૧/૦૫/૨૦૨૩, ગુરૂવાર. ગામ : શેખપીપરીયા (ઉ.વ.૭૬)
અમારા પરિવારનાં વટવૃક્ષને સંસ્કાર, ભકિત અને વ્હાલપની અમિવર્ષાથી સિંચન કરનાર અમારા વડીલ લીલાબેન રાઘવભાઈ ભાદાણી તા. ૧૧-૦૫-૨૦૨૩, ગુરૂવારના રોજ પંચમહાભુતમાં વિલિન થયા છે. આપની ભૌતિક ઉપસ્થિતિ ભલે ન હોય પરંતુ આપનો નિર્મળ આત્મા સદૈવ પરિવાર સાથે અતુટ રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...
સદ્ગતનું બેસણુ : તારીખ ૧૮-૦૫-૨૦૨૩, ગુરૂવાર આવતીકાલે
સમય : સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે
પટેલ ભવન, મુ. શેખ પીપરીયા, તા.લાઠી, જી. અમરેલી.
લી.
સ્વ. ખીમજીભાઇ દેવરાજભાઇ ભાદાણી
સ્વ. રાઘવભાઇ દેવરાજભાઈ ભાદાણી
સ્વ. બાલુભાઇ દેવરાજભાઈ ભાદાણી
શ્રી નાગજીભાઈ દેવરાજભાઈ ભાદાણી
શ્રી મનુભાઈ ખીમજીભાઇ ભાદાણી
શ્રી કનુભાઈ ખીમજીભાઇ ભાદાણી
શ્રી ધીરૂભાઈ ખીમજીભાઈ ભાદાણી
શ્રી વિનુભાઇ ખીમજીભાઇ ભાદાણી
શ્રી મનહરભાઇ ખીમજીભાઈ ભાદાણી
શ્રી રમેશભાઇ રાઘવભાઇ ભાદાણી
શ્રી સુરેશભાઇ રાઘવભાઈ ભાદાણી
શ્રી અશ્વિનભાઇ રાઘવભાઇ ભાદાણી
શ્રી પ્રવિણભાઇ નાગજીભાઇ ભાદાણી
શ્રી મધુભાઈ નાગજીભાઈ ભાદાણી
શ્રી વિજયભાઈ નાગજીભાઇ ભાદાણી
શ્રી હરેશભાઈ બાલુભાઇ ભાદાણી
શ્રી સંજયભાઈ બાલુભાઇ ભાદાણી
શ્રી હિતેષભાઇ બાલુભાઇ ભાદાણી
તથા સમસ્ત ભાદાણી પરિવારનાં જયશ્રીકૃષ્ણ
ફર્મ : ક્રિએટીવ ગ્રૂફ ઓફ કંપની - સુરેશ ટેક્ષ

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૮૨

## સાવરકુંડલા નજીક આવેલ

# દેતડ ગામની સીમમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**દરોડા પાડતા ૨ ઈસમો નાશી જતાં શોધખોળ શરૂ**

અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાનાં ખોડિયાણા ગામે રહેતા મધુભાઈ નાનજીભાઈ હિમાસીયા સહિત ૯ જેટલા ઈસમો તા. ૧૫ નાં બપોરનાં ૨ વાગ્યાનાં સમયે દેતડ ગામની સીમમાં જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. સાવરકુંડલા રૂરલ પોલીસે દરોડો પાડી ૯ પૈકી ૭ આરોપીને રોકડ રકમ રૂા. ૧૦૪૫૦ની મતા સાથે ઝડપી લઈ અને નાશી ગયેલા ૨ આરોપીની શોધખોળ આદરી છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)